પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ • અંક : ૧૮૦ • કુલ પાના : ૪ • તારીખ : ૨૬-૦૩-૨૦૨૨ શનિવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦


## કેન્દ્ર સરકારે સંરક્ષણ ક્ષેત્રમાં સ્વદેશીકરણ માટે ૧૦૭ ઉત્પાદનોની આયાત પર પ્રતિબંધ મુકયો

નવીદિલ્હી,

સંરક્ષણ ક્ષેત્રમાં સ્વદેશીકરણ માટે સરકારે મોટો નિર્ણય લીધો છે. સંરક્ષણ મંત્રાલયે ગુરુવારે આયાતને અંકુશમાં લેવા માટે ૧૦૭ સબ-સિસ્ટમ્સ અને ઈક્વિપમેન્ટ્સની નવી યાદી બહાર પાડી છે. તેનો મુખ્ય ઉદ્દેશ્ય દેશમાં મેન્યુફેક્ચરિંગને પ્રોત્સાહન આપવાનો છે. આ પ્રતિબંધ હેઠળ, ડિસેમ્બર ૨૦૨૨ થી શરૂ થતા છ વર્ષના સમયગાળા દરમિયાન અલગ-અલગ સમયગાળામાં તેમની આયાતને મંજૂરી આપવામાં આવશે નહીં. મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, "સંરક્ષણ ઉત્પાદનમાં આત્મનિર્ભર બનવા અને આત્મનિર્ભર ભારત હેઠળ સંરક્ષણ જાહેર ક્ષેત્રના સ્થાપનોની આયાત ઘટાડવાના દૃષ્ટિકોણથી, ૧૦૭ વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ લાઈન રિપ્લેસમેન્ટ યુનિટ્સ સબ-સિસ્ટમ" બનાવવામાં આવી છે. મંજૂર. આ મંજૂરી સમય મર્યાદા સાથે આપવામાં આવી છે, ત્યારબાદ તેમની આયાત પર પ્રતિબંધ રહેશે.

નિવેદન અનુસાર, આ એકમો/સબ-સિસ્ટમ્સ આગામી વર્ષોમાં સ્વદેશી રીતે બનાવવામાં આવશે અને નિર્ધારિત સમયમર્યાદા પછી જ ભારતીય ઉદ્યોગો પાસેથી પ્રાપ્ત કરવામાં આવશે. આ યાદીમાં હેલિકોપ્ટર, સબમરીન, ટેક, મિસાઈલ અને કોમ્યુનિકેશન સિસ્ટમ વગેરેના ઉત્પાદન માટે જરૂરી સાધનોનો સમાવેશ થાય છે. આમાંના ઘણા સાધનો અને સિસ્ટમો હાલમાં રશિયા પાસેથી ખરીદવામાં આવી રહ્યા છે.

નોંધનીય છે કે ગયા વર્ષે ડિસેમ્બરમાં, સંરક્ષણ મંત્રાલયે નિર્ધારિત સમયગાળાથી આયાત પર પ્રતિબંધ અંગે ૨,૮૫૧ સબ-સિસ્ટમ અને ભાગોની યાદી બહાર પાડી હતી. નવી સૂચિમાં આયાત પ્રતિબંધ માટે ઓળખવામાં આવેલા કેટલાક સ્પેર અને પેટા-સિસ્ટમનો ઉપયોગ સ્વદેશી રીતે વિકસિત એડવાન્સ્ડ લાઈટ હેલિકોપ્ટર લાઈટ કોમ્બેટ હેલિકોપ્ટર,લાઈટ યુઝ હેલિકોપ્ટર,ઈલેક્ટ્રોનિક વોરફેર સિસ્ટમ, એસ્ટ્રા મિસાઈલ,૯૦ નો ઉપયોગ ટાંકી અને લશ્કરી લડાયક વાહનોના ઉત્પાદન માટે થાય છે.

સંરક્ષણ મંત્રાલયની યાદીમાં ૨૨ ઉત્પાદનોનો સમાવેશ થાય છે જે જાહેર ક્ષેત્રના હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ દ્વારા બનાવવામાં આવશે. જ્યારે ભારત ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડ દેશમાં ૨૧ સબ-સિસ્ટમનું ઉત્પાદન કરશે. મઝાગોન ડોક શિપબિલ્ડર્સ દેશમાં જહાજો અને સબમરીનના નિર્માણમાં ઉપયોગમાં લેવાતા છ સાધનો અને સબ-સિસ્ટમનું ઉત્પાદન કરશે. તે જ સમયે, ભારત ડાયનેમિક્સ લિમિટેડને એસ્ટ્રા મિસાઈલ માટે ચાર ઘટકોના સ્વદેશીકરણની જવાબદારી સોંપવામાં આવી છે. જ્યારે ૧૨ સાધનો બીઈએમએલ લિમિટેડની જવાબદારી હેઠળ આવ્યા છે.

મંત્રાલયે જણાવ્યું હતું કે આ વસ્તુઓનું સ્વદેશીકરણ 'મેકઈન્ડ શ્રેણી હેઠળ સંરક્ષણ પીએસયુએસ દ્વારા કરવામાં આવશે. નોંધનીય છે કે દેશમાં સંરક્ષણ ઉત્પાદનને વેગ આપવા માટે સરકારે અનેક પગલાંની જાહેરાત કરી હતી. ભારત વૈશ્વિક સ્તરે શસ્ત્રોના સૌથી મોટા આયાતકારોમાંનો એક છે. એક અંદાજ મુજબ, ભારતીય સશસ્ત્ર દળો આગામી પાંચ વર્ષમાં લગભગ ૧૩૦ બિલિયન મૂડી પ્રાપ્તિમાં ખર્ચ કરશે.

સરકાર હવે આયાત પર નિર્ભરતા ઘટાડવા માંગે છે અને તેણે સ્થાનિક સંરક્ષણ ઉત્પાદનને પ્રોત્સાહન આપવાનો નિર્ણય કર્યો છે. સંરક્ષણ મંત્રાલયે આગામી પાંચ વર્ષમાં સંરક્ષણ ઉત્પાદનમાં ઈ૨૫ બિલિયન (રૂ. ૧.૭૫ લાખ કરોડ) બિઝનેસનું લક્ષ્ય નક્કી કર્યું છે. આમાં ઈ૫ બિલિયન (રૂ. ૩૫,૦૦૦ કરોડ)ના લશ્કરી હાર્ડવેરના નિકાસ લક્ષ્યાંકનો સમાવેશ થાય છે.

## ગાંધીનગરમાં હજારોની સંખ્યામાં આદિવાસી અને ખેડૂતોનો આક્રમક વિરોધ



ગાંધીનગર,

ગાંધીનગરમાં આજે વિરોધનો માહોલ જોવા મળ્યો હતો. એક તરફ પાર-તાપી લીંક યોજનાનો વિરોધ ગાંધીનગર પહોંચ્યો. તો બીજી તરફ, પૂરતી વીજળી ન મળતા ખેડૂતો આક્રમક મોડમાં આવીને ગાંધીનગર પહોંચ્યા છે. જેને કારણે ગાંધીનગર લશ્કરી છાવણીમા ફેરવાઈ ગયુ છે. એક તરફ આદિવાસીઓ અને બીજી તરફ ખેડૂતોનો વિરોધ આક્રમક બન્યો છે.

દક્ષિણ ગુજરાતમાં કેન્દ્ર સરકાર દ્વારા તાપી પાર નર્મદા રિવર લિંક પ્રોજેક્ટ આકાર લઈ રહ્યો છે, જેનો વિરોધ સ્થાનિક આદિવાસીઓ દ્વારા કરવામાં આવ્યો છે. ત્યારે આ વિરોધ આજે ગાંધીનગર પહોંચ્યો હતો. હજારોની સંખ્યામાં આદિવાસીઓનું ટોળુ ગાંધીનગર પહોંચ્યુ હતું. તાપી-નર્મદા લિંક પ્રોજેક્ટ સહિત આદિવાસીઓનાં પડતર પ્રાણ પ્રશ્નો અને માંગણીઓને લઈને કોંગ્રેસ દ્વારા ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે આદીવાસી સંમેલન યોજીને ભાજપા સરકારને ઘેરવા એકઠા થયા હતાં છે.સત્યાગ્રહ છાવણીમાં આદિવાસી સમાજના અધિકારો માટે સંમેલન યોજાયુ હતું તાપી પાર યોજનાના વિરોધ હેઠળ કોંગ્રેસ આદિવાસીઓને એકત્રિત કરી રહ્યું છે. કોંગ્રેસના આદિવાસી ધારાસભ્યો સહિતના નેતાઓ આ સત્યાગ્રહમાં જોડાયા છે. જેમાં જગદીશ ઠાકોર, સુખરામ રાઠવા સહિતના નેતાઓ ઉપસ્થિત જોવા મળ્યા. આદિવાસીઓના વિરોધને પગલે ગાંધીનગરમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો હતો છે. આદિવાસી વિરોધી નીતિઓ અંગે કોંગ્રેસે સરકાર પર આકરા પ્રહાર કર્યા કે, વિકાસકાર્યો માટે પોતાની જમીન ના આપવા આદિવાસીઓ મક્કમ છે.

બીજી તરફ, વીજળી મુદ્દે રાજ્યના ખેડૂતો આક્રમક મૂડમાં આવી ગયા છે. ગાંધીનગરમાં ખેડૂતો ટ્રેક્ટર રેલી કાઢી ખેડૂતોએ પૂરતી વીજળી મળતી ન હોવા અંગે નારાજગી દર્શાવી છે. ભારતીય કિસાન સંઘ દ્વારા રેલી કાઢવામાં આવી છે. જેમાં ખેડૂતોને પૂરતી વીજળી ન મળતા કિસાન સંઘ દ્વારા ગાંધીનગરમાં વિરોધ કરાયુ છે. ૮ કલાકની જગ્યાએ માત્ર ૬ કલાક વીજળી આપવામાં આવતી હોવાથી ખેડૂતોમાં ભારે નારાજગી છે. જેથી ટ્રેક્ટર લઈને ખેડૂતો ગાંધીનગર પહોંચ્યા છે. પેથાપુર યુજીવીસીએલ કચેરી ખાતે મોટી સંખ્યામાં ખેડૂતો ભેગા થયા હતાં જેથી કચેરી બહાર મોટી સંખ્યામાં પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો.

## રશિયાએ યુક્રેન પર હુમલા વધાર્યા, કીવની બહાર છાવણીઓ બનાવી

કીવ,

રશિયાએ ૨૪મી ફેબ્રુઆરીએ 'વિશેષ સૈન્ય અભિયાન' હેઠળ યુક્રેન પર આક્રમણ કર્યું. આ આક્રમણને એક મહિનો પૂરો થઈ ગયો છે. આ સમયમાં રશિયાએ યુક્રેનમાં ભારે વિનાશ વેર્યો છે અને તેણે ઘર, સ્કૂલ, હોસ્પિટલ, કિન્ડરગાર્ટન સહિત કોઈપણ નાગરિક સ્થળોને હુમલાથી બાકાત રાખ્યા નથી. વધુમાં યુદ્ધ બીજામાં મહિનામાં પ્રવેશ્યું છે ત્યારે રશિયાએ યુક્રેન પર હુમલા વધાર્યા છે. એક મહિનાથી યુક્રેનની રાજધાની કીવ કબજે કરવામાં નિષ્ફળ ગયેલા રશિયન સૈન્યે હવે કીવની બહાર છાવણીઓ બનાવી દીધી છે.

રશિયન પ્રમુખ વ્લાદિમિર પુતિને ચાર સપ્તાહ પહેલા મોસ્કોમાં એક ટેલિવિઝન સંદેશમાં યુક્રેન વિરુદ્ધ 'વિશેષ સૈન્ય અભિયાન'ની જાહેરાત કરી હતી. ક્રેમલીને યુક્રેનના 'વિસૈન્યીકરણ અને વિમુદ્રીકરણ'ના આશયથી પડોશી દેશ પર પૂર્ણ સ્તરનું આક્રમણ શરૂ કર્યું હતું. બીજા વિશ્વ યુદ્ધ પછી કોઈ યુરોપીયન દેશ પર આ સૌથી મોટું યુદ્ધ છે.

ગણતરીના દિવસોમાં યુક્રેન પર કબજો કરવાના ઈરાદાથી રશિયાએ ત્રણે બાજુથી અનેક શહેરોમાં બોમ્બમારા અને મિસાઈલોથી હુમલા કર્યા છે. આ સમયમાં યુક્રેનમાં હજારો લોકો માર્યા ગયા છે અને કરોડો લોકોએ દેશની અંદર અથવા વિદેશમાં વિસ્થાપિત થવું પડયું છે. રશિયાના હુમલાની સૌથી વધુ ખરાબ અસર મારિયુપોલ શહેર પર થઈ છે, જ્યાં રશિયા દરરોજ સરેરાશ ૫૦થી ૧૦૦ બોમ્બ ફેંકી રહ્યું હોવાનો શહેરના અધિકારીઓએ દાવો કર્યો છે.

રશિયાના ભયાનક આક્રમણ વચ્ચે યુક્રેનના પ્રમુખ વોલોદિમિર ઝેલેન્સ્કીએ ગુરુવારે દાવો કર્યો હતો કે રશિયન સૈન્યે હાઈપરસોનિક મિસાઈલો પછી હવે ફોસ્ફોરસ બોમ્બથી હુમલા કરવાનું શરૂ કર્યું છે. રશિયન સૈન્યના આ હુમલામાં બાળકો સહિત અનેક લોકો માર્યા ગયા. વધુમાં તેમણે ચેતવણી આપતા કહ્યું કે રશિયાના પડોશી દેશો પર હવે જોખમ વધી ગયું છે. રશિયા યુરોપમાં 'આઝાદીને ખતમ' કરવા માગે છે. તેમણે સ્વીડિશ સાંસદોને સંબોધનમાં કહ્યું કે, રશિયાના આક્રમણ સામે યુક્રેન હારી જશે તો પડોશી દેશો પર પણ જોખમ વધી જશે. પુતિન યુરોપમાં આગળ વધવા માગે છે. તેથી જ પુતિને યુક્રેન પર આક્રમણ કર્યું છે. રશિયાની નજર હવે બાલ્ટિક સમુદ્રમાં સ્વીડનના ગોટલેન્ડ ટાપુ પર છે.

અમેરિકન પ્રમુખ અને વિશ્વના અન્ય નેતાઓ રશિયા પર આક્રમણ બંધ કરવા દબાણ લાવવા માટે પોલેન્ડમાં એકત્ર થયા છે ત્યારે યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કીએ નાટોને યુક્રેનને વધુ લશ્કરી સહાય કરવાની માગણી કરી છે. બ્રિટને યુક્રેનને હજારો મિસાઈલ આપવાની જાહેરાત કરી છે. આ સાથે ઝેલેન્સ્કીએ દુનિયાની પ્રજાને રશિયા વિરુદ્ધ એક થઈને રેલી કાઢવા હાકલ કરી છે. ઝેલેન્સ્કીએ કહ્યું કે, તમારા દેશમાં રસ્તાઓ પર ઉતરી આવો. તમારા નેતાઓને યુક્રેનને સમર્થન કરવા દબાણ કરો. દુનિયામાં સ્વતંત્રતા જોખમમાં છે.

દરમિયાન અમેરિકન મીડિયા મુજબ રશિયા યુક્રેન પર રાસાયણિક, જૈવિક અથવા પરમાણુ હથિયારોથી હુમલા કરશે તો અમેરિકા પણ આ યુદ્ધમાં ઉતરશે અને રશિયાને જડબાતોડ જવાબ આપશે. અમેરિકાએ આ સંદર્ભમાં એક આકસ્મિક યોજના બનાવી લીધી છે. આ સાથે અમેરિકાએ જાહેરાત કરી હતી કે તે યુક્રેનના ૧ લાખ શરણાર્થીઓને આશરો આપશે. વધુમાં અમેરિકાએ રશિયા પર આર્થિક પ્રતિબંધો વધારવાની પણ જાહેરાત કરી છે.

## ગુજરાતમાં આગામી પાંચ દિવસ સુધી ગરમીનો પારો ઉંચો રહેશે

અમદાવાદ,

દેશમાં ગરમીએ માઝા મૂકી છે,ધીરે ધીરે ગરમીનો પારો ઉંચે ચડી રહ્યો છે, ગરમી વધવાથી લૂ લાગવાની પણ શક્યતા વધી ગઈ છે,આગામી દિવસોમાં પણ ગરમી ખુબ વધવાની છે તેવી આગાહી હવામાન વિભાગે કરી છે, આવનાર પાંચ દિવસમાં તાપમાં ઉંચો રહેવાની પ્રબળ શક્યતા જાહેર કરી છે.શનિવારથી રાજ્યમાં ફરી ગરમી વધવાની આગાહી કરવામાં આવી છે. બંગાળની ખાડીમાં સર્જાયેલા ડિપ્રેશનથી અમદાવાદ સહિત રાજ્યમાં મિશ્ર વાતાવરણ છે. ગયા અઠવાડિયા કરતા થોડી રાહત મળી હતી. ત્યારે શનિવારથી ગરમી ફરી ૪૦ ડિગ્રીએ પહોંચવાની શક્યતા છે. અમદાવાદનું મહત્તમ તાપમાન ૩૭ ડિગ્રી રહ્યું હતું. ૨૬ અને ૨૭ માર્ચના રોજ કેટલાક જિલ્લામાં હીટવેવની આગાહી રહેશે.

રાજ્યમાં છેલ્લા અઠવાડિયામાં સતત હિટવેવ રહ્યું અને તાપમાન ૪૧ ડીગ્રી સુધી પહોંચ્યું. માર્ચ મહિનામાં જ કાળઝાળ ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે. હવે એપ્રિલ મહિનો પણ ભારે રહેવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. હવામાન વિભાગે ૨૫મી માર્ચથી ગરમીનો બીજો રાઉન્ડની આગાહી કરી છે. જેમાં ૨૫થી ૨૭ માર્ચ સુધી સૌરાષ્ટ્ર, કચ્છ તથા ઉત્તર ગુજરાતમાં હિટવેવની આગાહી હવામાન વિભાગે કરી છે. હવામાન વિભાગની આગાહી મુજબ, ગીર સોમનાથ, કચ્છ, ભાવનગર, પોરબંદર, જુનાગઢ, રાજકોટ, સુરેન્દ્રનગર, બોટાદ, દીવ, અમદાવાદ, ગાંધીનગર, બનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણા, પાટણ જિલ્લામાં હિટવેવની આગાહી છે. નોંધનીય છે કે, ૨૪ અને ૨૫ માર્ચે અમદાવાદનું તાપમાન અનુક્રમે ૩૮ અને ૩૯ ડિગ્રી સેલ્સિયસ રહેવાની સંભાવના છે. ત્યારબાદ તે ૪૦ ડિગ્રીને પાર જવાની સંભાવના છે.

## ચીનના વિદેશ મંત્રી-એસ જયશંકર વચ્ચે પ્રતિનિધિમંડળ સ્તરની વાતચીત થઈ



નવીદિલ્હી,

ભારતની મુલાકાતે આવેલા ચીનના વિદેશ મંત્રી વાંગ યીએ તેમના સમકક્ષ એસ જયશંકર સાથે મુલાકાત કરી છે. આ પહેલા તેઓ આજે સવારે દેશના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલને મળ્યા હતા. વાંગ યી શુક્રવારે સવારે **NSA** અજીત ડોભાલની સાઉથ બ્લોક ઓફિસમાં તેમને મળવા પહોંચ્યા હતા. ચીનના વિદેશ મંત્રી ગુરુવારે રાત્રે દિલ્હી પહોંચ્યા હતા. તેમની મુલાકાતનો મુખ્ય હેતુ કોરોના મહામારી પછી બંને દેશો વચ્ચે સીધી વાતચીત શરૂ કરવાનો છે. તેઓ આ વર્ષે યોજાનારી બ્રિક્સ દેશોની બેઈજિંગ બેઠકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આમંત્રિત પણ કરવાના છે. જયશંકરે ચીનના સમકક્ષ સાથે અનેક મુદ્દાઓ પર ચર્ચા કરી છે. મંત્રણા શરૂ થાય તે પહેલા તેમણે ચીનના વિદેશ મંત્રીને ટ્વિટ કર્યું કે, 'વાંગ યીનું હૈદરાબાદ હાઉસમાં સ્વાગત છે.' વાંગ યીએ દિલ્હી પહોંચતા પહેલા ઈસ્લામાબાદમાં ઓર્ગેનાઈઝેશન ઓફ ઈસ્લામિક કોઓપરેશનની બેઠકમાં ભાગ લીધો હતો. ત્યાં તેમણે કહ્યું હતું કે, કાશ્મીર પર અમે આજે ફરીથી અમારા ઘણા ઈસ્લામિક મિત્રોનો અવાજ સાંભળ્યો. ચીન પણ આ જ આશા ધરાવે છે. જો કે, ભારતે કાશ્મીર પર તેમની ટિપ્પણીને નકારી કાઢી હતી અને કહ્યું હતું કે ચીન સહિત અન્ય દેશોને તેની આંતરિક બાબતો પર ટિપ્પણી કરવાનો કોઈ અધિકાર નથી.

## દ્વારકામાં અનુભવ્યો ૫.૩ની તીવ્રતાનો ભૂકંપના આંચકો



દ્વારકા,

ગુજરાતના દ્વારકા નજીક શુક્રવારે બપોરે ૫.૩ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. ભૂકંપનું કેન્દ્ર દ્વારકા, ગુજરાત, ભારતના ૫૫૬ કિમી પશ્ચિમમાં હતું. ભૂકંપ ભારતીય સમયાનુસાર ૧૨.૩૭ વાગ્યે સપાટીથી ૧૦ કિલોમીટરની ઊંડાઈએ આવ્યો હતો.ભૂકંપને કારણે કોઈ જાનહાનીના અહેવાલો નથી પરંતુ કેટલાક લોકો પોતાના ઘરની બહાર નિકળી ગયા હતાં. પૃથ્વી અનેક સ્તરોમાં વહેંચાયેલી છે અને જમીન નીચે અનેક પ્રકારની પ્લેટો છે. આ પ્લેટો એકસાથે અટવાઇ જાય છે, પરંતુ કેટલીકવાર આ પ્લેટો સરકી જાય છે, જેના કારણે ભૂકંપ આવે છે. ક્યારેક તે વધુ કંપન કરે છે અને તેની તીવ્રતા વધે છે. ભારતમાં, પૃથ્વીના આંતરિક સ્તરોમાં ભૌગોલિક હિલચાલના આધારે કેટલાક ઝોન નક્કી કરવામાં આવ્યા છે અને કેટલાક સ્થળોએ તે વધારે છે અને કેટલાક સ્થળો ઓછા છે. આ શક્યતાઓના આધારે, ભારતને ૫ ઝોનમાં વહેંચવામાં આવ્યું છે, જે જણાવે છે કે ભારતમાં ભૂકંપ માટે સૌથી વધુ સંવેદનશીલ ક્યાં છે. આ ઝોન -૫ માં મોટા ભાગે ભૂકંપ આવવાની શક્યતા છે અને તેના કરતા ૪, ૩ ઓછા છે.


કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

રણવતસિંહ એમ. ચૌહાણ

મુ. દેવ, તા. બાલાસિનોર, જી. મહીસાગર



કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.



ગણપતસિંહ વી. સોલંકી

મુ. ગઢનામુવાડા, તા. બાલાસિનોર, જી. મહીસાગર


## વડાપ્રધાન નરેન્દ્ર મોદીની હાજરીમાં યોગી આદિત્યનાથે યુપીના મુખ્યમંત્રી પદના સોગંદ લીધા



લખનૌ,

યોગી આદિત્યનાથે આજે બીજીવાર ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી પદના સોગંદ લીધા હતાં આ સાથે જ તેઓ પ્રદેશના પહેલા એવા મુખ્યમંત્રી બની ગયા છે જેમણે પાંચ વર્ષનો કાર્યકાળ પુરો કર્યા બાદ ફરી સત્તા સંભાળી છે.ગુરૂવારે યોગી આદિત્યનાથને સર્વસમ્મતિથી વિધાનસભા પક્ષના નેતા ચુંટવામાં આવ્યા બાદ રાજયપાલ આનંદીબેન પટેલની સાથે સરકાર બનાવવાનો દાવો રજુ કર્યો હતો.

આજે બરાબર ચાર વાગે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે મુખ્યમંત્રી પદના સોગંદ લીધા હતાં શપથ ગ્રહણમાં સૌથી પહેલા યોગી આદિત્નાથે યુપીના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા. ત્યારબાદ કેશવ પ્રસાદ મોર્ય અને બ્રિજેશ પાઠકે ડેપ્યુટી સીએમ તરીકે શપથ લીધા. ત્યારબાદ મંત્રી તરીકે સૂર્ય પ્રતાપ શાહી, સુરેશ ખન્ના, સ્વતંત્ર દેવ સિંહ, બેબી રાની મોર્ય અને લક્ષ્મીનારાયણ ચૌધરીએ શપથ લીધા. આ ઉપરાંત જે રાજયમંત્રીઓએ સોગંદ લીધા હતાં તેમાં મયંકેશ્વર સિંહ, દિનેશ ખટીક, સંજીવ ગૌડ, બલદેવ સિંહ ઓલખ અજીત પાલ જસવંત સૈની, રામકેશ નિષાદ, મનોહર લાલ મન્નુ કોરી,સંજય ગંગવાર, બ્રજેશ સિંહ, કે પી મલિક, સુરેશ રાહી સોમેદ્ર તોમર અનુપ પ્રધાન વાલ્મિકી, પ્રતિભા શુકલા રાકેશ રાઠોડ ગુરૂ, રજની તિવારી સતીષ શર્મા દાનિશ આઝાદ અંસારી વિજય લક્ષ્મી ગૌતમ સામેલ છે.

યોગી સરકારમાં રાજયમંત્રી સ્વતંત્ર પ્રભાર તરીકેના મંત્રીઓમાં નિતિશ અગ્રવાલ,કપિલ દેવ અગ્રવાલ રવીન્દ્ર જાયસવાલ સંદીપ સિંહ ગુલાબ દેવી ગિરીશચંદ્ર યાદવ ધર્મવીર પ્રજાપતિ અસીમ અરૂણ જેપીએસ રાઠોડ દયાશંકર સિંહ નરેન્દ્ર કશ્યપ દિનેશ પ્રતાપ સિંહ અરૂણકુમાર સકસેના અને દયાશંકર દયાલુ સામેલ છે.

નિષાદ સમાજમાં સારી પકકડ રાખનાર સંજય નિષાદને પણ મંત્રી બનાવ વામાં આવ્યા છે તેમની નિષાદ પાર્ટી પણ છે.આશીષ પટેલને યોગી સરકારમાં મંત્રી બનાવવામાઉં આવ્યા છે. વર્તમાનમાં તે એમએલસી છે. યોગેન્દ્ર ઉપાધ્યાયને મંત્રી પદ મળ્યું છે ઉપાધ્યાય આગ્રા દક્ષિણ બેઠકથી ધારાસભ્ય છે સતત ત્રીજીવાર તે વિધાનસભા પહોંચ્યા છે.પશ્ચિમી યુપીના બ્રાહ્મણ સમાજમાં તેમની સારી પકકડ છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નજીકના માનવામાં આવતા અરવિંદકુમાર શર્માને પણ મંત્રી બનાવવામાં આવ્યા છે.તે ગુજરાત કેડરના આઈએએસ અધિકારી રહ્યાં છે મૂળ રીતે તે મઉના રહેવાસી છે. રાકેશ સચાનને પણ મંત્રી બનાવવામાં આવ્યા છે સચાન કોંગ્રેસ અને સપા સરકારમાં પણ મંત્રી રહી ચુકયા છે કુર્મી સમુદાયમાં તેમની સારી પકકડ છે.કોંગ્રેસમાંથી ભાજપમાં આવેલ બ્રાહ્મણ સમાજના અગ્રણી જિતિન પ્રસાદને પણ યોગી સરકારમાં સ્થાન મળ્યું છે. અનિલ રાજભરને યોગી સરકારમાં મંત્રી બનાવવામાં આવ્યા છે પૂર્વાંચલમાં રાજભર સમાજમાં તેમની સારી પકકડ છે.

તમામ મંત્રીઓને રાજયપાલ આનંદીબેન પટેલે સોગંદ લેવડાવ્યા હતાં.મંત્રીમંડળની સોગંદવિધિમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી,કેન્દ્રીય મંત્રી રાજનાથ સિંહ દેશના ઉદ્યોગપતિઓ,સાધુ સંતો વગેરે હાજર રહ્યાં હતાં.આ ઉપરાંત ભાજપ શાસિત રાજયોના મુખ્યમંત્રીઓ અને નાયબ મુખ્યમંત્રીઓ પણ સોગંદવિધિમાં હાજરી આપી હતી.

પીએમ મોદી શપથ ગ્રહણ સમારોહ પહેલા સ્થળ પર પહોંચ્યા કે તરત જ તેમનું શંખ અને ટ્રમ્પેટ સાથે સ્વાગત કરવામાં આવ્યું. આખો વિસ્તાર સુત્રોચ્ચારથી ગુંજી ઉઠ્યો હતો. પીએમ ભગવા ગમછા સાથે પહોંચ્યા છે. સીએમ યોગી આદિત્યનાથે તમામ મહેમાનોનું સ્વાગત કર્યું હતું. સીએમ યોગી વડાપ્રધાન નરેન્દ્ર મોદીની બાજુમાં બેઠા હતાં. મંચ પર હાજર ગૃહમંત્રી અમિત શાહ, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ, અન્ય રાજયોના મુખ્યમંત્રીઓના ચહેરા પર વિજયનું સ્મિત જોવા મળ્યું હતું.

યોગીના રાજ્યાભિષેકને લઈને તેમના સમર્થકોમાં ભારે ખુશી જોવા મળી હતી યોગીના શપથ પહેલા, તેમના સમર્થકો તેમના લખનૌ નિવાસની બહાર બુલડોઝર સાથે આવ્યા હતા. એક સમર્થકે કહ્યું કે બાબાનું બુલડોઝર નીકળી ગયું છે. ગુનેગારોએ કાં તો રાજ્ય છોડી દેવું જોઈએ અથવા ઘરમાં બેસી જવું જોઈએ. સોગંદ વિધિ સમારંભ ઈકાના સ્ટેડિયમમાં યોજાયો હતો.આ સ્ટેડિયમ ખિચોખીચ ભરાઈ ગયું હતું સમારંભમાં ભારત માતા કી જયના સુત્રોચ્ચાર લગાવવામાં આવી રહ્યાં હતાં સોગંદવિધિ પહેલા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.સમગ્ર લખનૌમાં મોદી અને યોગીના મોટા મોટા બેનર હોર્ડિંગ્સ લગાવવામાં આવ્યા હતાં એરપોર્ટથી લઈ લખનૌ સુધી ભાજપનો ઝંડો ઠેર ઠેર લગાવવામાં આવ્યો હતો સમગ્ર ઉત્તરપ્રદેશમાંથી ભાજપ સમર્થકો સ્ટેડિયમ ખાતે પહોંચ્યા હતાં. ભાજપના કાર્યકર્તાઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો અને તેઓ કલાકો પહેલા સ્ટેડિયમમાં પહોંચી ગયા હતાં.

# મહિસાગર આવૃત્તિ

લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર


## આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ૧૧ માં ખેલ મહાકુંભનો મહીસાગર જિલ્લામાં સમાપન સમારોહ દિવડા કોલોની ખાતે યોજાયો



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા,

૧૧ મા ખેલ મહાકુંભનો સમાપન સમારોહ જિલ્લા પંચાયત પ્રમુખ રમીલાબેન ડામોરના અધ્યક્ષ સ્થાને અને જિલ્લા કલેક્ટર ડો.મનીષકુમાર, ઈનચાર્જ જિલ્લા વિકાસ અધિકારી અને ડી.આર.ડી.એ ડાયરેક્ટર જે.કે.જાદવ, સંતરામપુર પ્રાંત અધિકારી કૌશીક જાદવ, જિલ્લા રમતગમત અધિકારી મયુરીબેન, શાળાના આચાર્યઓ, તેમજ મોટી સંખ્યામાં ખેલાડીઓની ઉપસ્થિતિમાં એકલવ્ય રેસીડેન્સીયલ મોડેલ સ્કૂલ દિવડા કોલોની ખાતે યોજાયો હતો.

૧૧ મા ખેલ મહાકુંભનો સમાપન સમારોહમાં જિલ્લા પંચાયત પ્રમુખ રમીલાબેન ડામોરે જણાવ્યું હતું કે, ખેલ મહાકૂંભને લીધે આજે ગુજરાતે રમત-ગમત ક્ષેત્રે દેશમાં આગવું નામ બનાવ્યું છે. વડાપ્રધાનના માર્ગદર્શન અને દ્રષ્ટિવંત નેતૃત્વ હેઠળ શરૂ થયેલ ખેલ મહાકુંભ આજે ૧૧ વર્ષથી અવિરત ચાલી રહ્યો છે. તેને કારણે આજે રાજયના નાનામાં નાના સ્થળ સુધી રમતની સુવિધાઓ ઊભી થઈ છે.

તેમણે જણાવ્યું કે, માત્ર શિક્ષણ ક્ષેત્રે જ આગળ વધવું એવો જુના ખ્યાલ બદલીને આજે સ્પોર્ટ્સમાં પણ આગળ વધી શકાય છે, કારકિર્દી બનાવી શકાય છે અને પોતાના સાથે સમાજનું નામ રોશન કરી શકાય છે તેવી વ્યવસ્થાઓ ઊભી થઈ છે.

જિલ્લા કલેક્ટર મનીષકુમારે જણાવ્યું કે, રમત ખેલાડીઓમાં મુશ્કેલીઓ-મુસીબતોમાંથી બહાર નીકળવાની ક્ષમતા આપોઆપ ખીલે છે. તેઓ જીવનમાં નિષ્ફળ જતાં નથી. તેમનામાં નિરાશા આવતી નથી કે નાસીપાસ થતાં નથી. રમતવીર કોઈપણ મુશ્કેલીમાંથી સરળતાથી બહાર આવી પોતાનો માર્ગ બનાવે છે. તે માટે કલેક્ટરએ ઉપસ્થિત ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

તાલુકા,જિલ્લા અને નગરપાલિકા કક્ષાએ વિવિધ રમતોની સ્પર્ધાઓ યોજાઇ યોજાઇ હતી. આ બધી રમતોમાં જિલ્લામાંથી વર્ષ ૨૦૨૧-૨૨માં ૩૫૦૦૦ જેટલા ખેલાડીઓએ રજીસ્ટ્રેશન કરાવી રમતવીરોએ ભાગ લઈને પોતાની કલાનું નિદર્શન કર્યું હતું.

આ પ્રસંગે કડાણા તાલુકા પ્રમુખ, પોલીસ સબ ઈસ્પેક્ટર કડાણા, તાલુકા વિકાસ અધિકારી સહિતના અધિકારીઓ-પદાધિકારીઓ અને રમતવીરો ઉપસ્થિત રહ્યાં હતાં.

## સંતરામપુર H.H. એન્ડ H.M. ભુરા હાઈસ્કુલ ખાતે ધો.૧૦ અને ધો.૧૨ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,

એચ.એચ.એન્ડ એચ.એમ.ભુરા હાઇસ્કુલ સંતરામપુરમાં ધોરણઃ ૧૦ અને ધોરણ-૧૨ નાં વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો. જેમાં સંતરામપુર મુસ્લિમ ઘાંચી કેળવણી મંડળમાં પ્રમુખ જનાબહાજી રિઝવાનભાઈ ભુરા, ઉપપ્રમુખ જનાબ હાજી ગુલામભાઈ ભુરા, મંત્રી જનાબ અબ્દૂલરઝાકભાઈ શેખ તથા સંતરામપુર મુસ્લિમ ઘાંચી પંચના પ્રમુખ જનાબ હાજી અસ્ફાકભાઈ ભુરા તથા ભુરા બી.એડ. કોલેજના પ્રાચાર્ય પાઠક, પ્રાથમિક શાળાનાં આચાર્ય જોષી તથા આજ શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી જે અન્ય શાળામાં આચાર્ય તરીકે ફરજ બજાવે છે. તેવા આરીફભાઈ ગટલી (હાલમાં ઘાસવાળા સ્કૂલ આચાર્ય) તથા મકસુદભાઈ ઝાપાવાલા (હાલમાં ભાણા સિમલ સ્કૂલ આચાર્ય) આ મહાનુભાવોનું પુષ્પગુચ્છ તથા સાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું. આવેલ મહેમાનો તથા સમગ્ર શાળાના શૈક્ષણિક સ્ટાફ, વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં રિસિપ્ટનું વિતરણ કરવામાં આવ્યું. વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઝળહળતું પરિણામ લાવે અને શાળાનું ગૌરવ વધે તે માટે વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી. આ ઉપરાંત અત્રેની શાળાનાં પ્રમુખ મર્હુમજનાબ હાજી રહીમ ભુરા તથા મંત્રી જનાબ હાજીઅબ્દુલ સલામ હાજી કરીમ સિભાઈ આ બંનેએ સમાજ અને તેમના જીવન દરમિયાન કરેલા સેવા કાર્યોની નોંધ લઈ ભીની આંખે આજે પણ હાઈસ્કૂલના આ બે મહાનુભવોની ખોટ વર્તાતી જોવા મળી હતી અને ક્યારે પણ સમાજ અને હાઈસ્કૂલમાં તેમની ખોટ પૂરી શકાશે નહિ તે સાથે આ બંને મરહૂમની યાદમાં મરહૂમજનાબ હાજી રહીમ ભુરાના નેક ફરજંદ હાજી રિઝવાન ભુરા તથા હાજી અસ્ફાક ભૂરાને સ્મૃતિ તરીકે 'મરણોત્તર પ્રમાણપત્ર' ઓનાયત કરવામાં આવ્યું. તે જ રીતે મરહૂમ હાજી અબ્દુલ સલામ સી ભાઈ નાં નેક ફરજંદ 'ઈલ્યાસભાઈ સિભાઈને સ્મૃતિ તરીકે' મરણોત્તર પ્રમાણપત્ર' એનાયત કરવામાં આવ્યું. વધુમાં શાળામાં જિલ્લા લેવલે પ્રથમ ક્રમે આવેલ સબિહા મેત્રાલવાલાને ઈનામ આપવામાં આવ્યું, તેમજ કલા ક્ષેત્રે, ખેલ મહાકુંભ તથા અન્ય સહ અભ્યાસિક પ્રવૃત્તિમાં પ્રથમ, દ્રિતીય ક્રમે આવેલા વિદ્યાર્થીઓને ઈનામ તથા પ્રમાણપત્ર આપવામાં આવ્યા.

## ખારોલ ગામમાં પુરવઠા તંત્રની નિષ્કાળજીના કારણે ઉનાળાની શરૂઆતમાં પાણી માટે વલખા મારતી પ્રજા

ખારોલ,

ઉનાળાની શરૂઆત થતાં જ પીવાના પાણીની સમસ્યાઓ શરૂ થઈ ગઈ છે. ખારોલ ગામ સાત હજારની વસ્તી ધરાવે છે. ગામના લોકો પીવાના પાણી માટે વલખા મારી રહ્યા છે.

ખારોલ ગામ સાત હજારની વસ્તી ધરાવે છે. હાલ ગામના લોકો પીવાના પાણી માટે વલખા મારી રહ્યા છે. પાણી પુરવઠા તંત્રના સત્તાધિશોની ઘોર અંદાજે રૂ.૭ કરોડના ખર્ચે નવા રાબડિયા ચોકડી પર બનાવેલ પાણીનો સંપ શોભાના ગાંઠિયા સમાન બની રહ્યો છે. છેલ્લા કેટલાય સમયથી ખારોલ ગામમાં પીવાના પાણીની વિકટ સમસ્યા સર્જાઈ છે. જેના કારણે ખારોલ ગામની જનતા પશુપાલકો ભારે દ્વિધા અનુભવી રહ્યા છે. પાણી પુરવઠા તંત્રના સત્તાધિશોની ઉદાસીનતાના કારણે ખારોલ ગામનો ખેડુત વર્ગ પશુપાલક તેમજ અન્ય જનતા પીવાના પાણી માટે હેરાન થઈ ગયા છે. સ્થાનિક તંત્ર દ્વારા પણ પાણીની વિકટ સમસ્યાના નિરાકરણ માટે અથાગ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. નવા રાબડિયા ચોકડી પર પીવાના પાણી માટે નવ લાખ લીટરની ક્ષમતાવાળો સંપ અને પંપ હાઉસ, સિક્યુરિટી રૂમ વગેરે બનાવાયો છે. પરંતુ હાલની પરિસ્થિતિમાં તે માત્ર શોભાના ગાંઠિયા સમાન પુરવાર થઈ રહેલ જણાય છે. ઘાણા સાવલી જુથ પાણી પુરવઠા યોજના હેઠળ જનતાની સુખાકારી માટે અને પીવાના પાણીની વ્યવસ્થા માટે સરકારમાંથી આવતા રૂ.૭ કરોડની ધુળ ધાણી કરવા છતાં પણ પીવાના પાણીની જટીલ સમસ્યા ખારોલ ગામ માટે યથાવત જ રહેવા પામી છે. આ બાબતે છેલ્લા કેટલાય વર્ષોથી લેખિત-મૌખિક અને ફોન દ્વારા રજુઆતો તંત્રના સત્તાધિશોને કરવામાં આવી છે. જેના કારણે આજે ખારોલ ગામમાં પાંચ-પાંચ દિવસ સુધી પીવાનુ પાણી નથી મળી રહ્યુ. ઉનાળાની શરૂઆતમાં જ જો ગામની જનતાને પીવાના પાણીનો જટિલ સામનો કરવો પડતો હોય તો ભર ઉનાળાની અંદર પીવાના પાણીની સમસ્યા કેટલી જટિલ હશે.

## સંતરામપુર જુમ્મા મસ્જીદ થી અંબિકા લોજ સુધી ઉભરાતી ગટરોથી લોકો પરેશાન



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,

સંતરામપુર નગરપાલિકા દ્વારા જુમ્મા મસ્જિદ પાસેથી અંબીકા લોજ સુધી છેલ્લા એક અઠવાડિયાથી ઉભરાતી ગટરોને નિકાલ કરવા તૈયાર જ નહી આના કારણે ગટરનું દુર્ગંધ પાણી રોડ ઉપર ચારે બાજુ ફેલાઈ રહેલું છે, આના કારણે સ્થાનિક રાહદારીઓની ગંદા પાણીમાં પગ મૂકીને પસાર થવું પડે છે. છેલ્લા એક અઠવાડિયાથી આ સ્થળ ઉપર ગટર ચોકઅપ થઈ ગઈ છે. તેને ખુલ્લી કરવા અથવા સફાઈ કરવા સંતરામપુર નગરપાલિકાની જરાય રસ નથી. આ વિસ્તારના ચૂંટાયેલા સભ્યો અને નગરપાલિકાના ચીફ ઓફિસર સ્થાનિક રહીશોનો રજૂઆતનો સાંભળે છે, પરંતુ રહીશોના કામ થતાં જ નથી. સંતરામપુર નગરપાલિકાનો દિનપ્રતિદિન વહીવટીતંત્રને કામગીરીમાં નિષ્કાળજી જોવાઈ રહેલી છે. નગરના પાંચ વર્ષ વીતવા છતાંય હજુ સુધી સંતરામપુર નગર અલગ અલગ વિસ્તારોમાં કોઈપણ જગ્યાએ કામો જોવાતા જ નથી. આ રીતે સંતરામપુર નગરમાં સંખ્યાબંધ વિસ્તારોમાં ગટરો ચોકઅપ થઈ જાય છે અને ઘંધો પાણી રોડ ઉપર ફરી વળે છે, પરંતુ નગરપાલિકા તેનો નિકાલ કરે તેમાં સ્થાનિક રહીશોની ઉગ્ર માંગ ઉઠી છે.



દેશ વિરોધી, આતંકવાદી અફઝલ પ્રેમી, ટુકડે ટુકડે ગેંગ ના સમર્થક પ્રખર દેશ વિરોધી દિલ્હી ના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ દ્વારા કશ્મીરી પંડિતો પર અમાનવીય અત્યાચાર ઉપર બનેલી ફિલ્મ ધ કશમીર ફાઈલ્સ ના વિરોધમાં કરેલ ટિપ્પણી નો વિરોધ કરવા આજ રોજ સંતરામપુર તાલુકો-નગર યુવા મોરચા દ્વારા ગદ્દાર કેજરીવાલ નું પૂતળું દહન કરવામા આવ્યું. તેમા જિલ્લા પ્રમુખ દશરથભાઈ બારીયા સંતરામપુર તાલુકા પ્રમુખ બંલવતભાઈ પટેલીયા, સંતરામપુર નગર પ્રમુખ સંદીપભાઈ ભોઈ તથા યુવા મોરચા ના જિલ્લા મહામંત્રી વિરેન્દ્રભાઈ પટેલ તેમજ અર્પિત જોશી, તાલુકો-નગર યુવા મોરચા ના કાર્યકર્તા હાજર રહ્યા.

## આણંદથી વિદેશ મોકલવાનુ મોટું કૌભાંડ ઝડપાયું



આણંદ,

આણંદમાંથી નકલી ડિગ્રીનાં આધારે વિદેશ મોકલવાનું કૌભાંડ ઝડપાયું છે. આણંદમાં નકલી માર્કશીટ બનાવી વિદેશ મોકલતા વીઝા એજન્ટ સહિત બે ઝડપાયા છે. ક્રિશા ઓવરસીસનાં માલિક સહિત બેની સાયબર ક્રાઈમ પોલીસે ધરપકડ કરી છે. જેઓ નકલી માર્કશીટ બનાવી વિદેશ મોકલવાના બહાને છેતરપીંડી કરતા હતા. સાઈબર ક્રાઈમ પોલીસે ૩૭ નકલી માર્કશીટ સહિત ૧.૧૯ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જેઓ જુદી જુદી યુનિવર્સિટીની નકલી માર્કશીટ બનાવતો હોવાનો પર્દાફાશ થયો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, વસોના અલીન્દ્રા ગામે રહેતા અનુપ રાજેન્દ્રકુમાર પટેલને વિદેશ જવાની ઈચ્છા હતી. તેથી તેણે લંડન જવા માટે આણંદની ક્રિશા ઓવરસીસના નયન પટેલ અને નવીનસીંગનો સંપર્ક કર્યો હતો. તેઓએ ૧૪ લાખના બદલામાં મિકેનિકલ ડિપ્લોમા એન્જિનિયરીંગ ડિગ્રી આપવાની બાંહેધરી આપી હતી. પરંતુ બાદમાં અનુપ પટેલે પોતાને રૂપિયાના બદલામાં મળેલી ડિગ્રી તપાસી હતી. જેમા તપાસ કરતા જાણવા મળ્યુ કે, તેને જે ડિગ્રી આપવામાં આવી હતી તે ખોટી હતી.

તેની પાસેથી એડવાન્સ ફી પેટે બે લાખ રૂપિયા લેવામા આવ્યા હતા, જેના બદલામાં માધ્યમિક શિક્ષા બોર્ડ રાજસ્થાન તથા મહર્ષી સરસ્વતી વિશ્વ વિદ્યાલય રાજસ્થાનની ડિગ્રી અપાઈ હતી. પણ અનુપ પટેલે તેની ખરાઈ કરી તો જાણવા મળ્યુ કે, ડિગ્રી પર ડિજીટલ સિગ્નેચર ખોટા છે. તથા સહી સિક્કા પણ ખોટા છે. આ એક નકલી ડિગ્રી હતી.

પોતાને મળેલી ડિગ્રી ઓનલાઈન તપાસતા તે ફેક હોવાનુ અનુપને જણાયુ હતુ. તેથી અનુપ પટેલે આ અંગે સાયબર ક્રાઈમમાં ફરિયાદ આપતાં પોલીસે નયન પટેલ અને નવિનસિંગ સામે ફરિયાદ કરી હતી. આણંદ ગુનો નોંધી બંને કૌભાંડીઓની ધરપકડ કરી છે અને વધુ તપાસ હાથ ધરી છે.

## મહીસાગર જિલ્લામાં RTE એક્ટ અંતર્ગત ૨૦૨૨-૨૩માં બાળકોને વિનામુલ્ય ધો.૧ માં પ્રવેશ માટે તા.૩૦-૦૩ થી ૧૧-૦૪-૨૦૨૨ સુધી ફોર્મ ભરાશે

લુણાવાડા,

ગુજરાત સરકાર દ્વારા મફત અને ફરજિયાત શિક્ષણના અધિકાર અધિનિયમ-૨૦૦૯ ની કલમ ૧૨(૧)(ક) હેઠળ બિનઅનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં ૨૫% મુજબ વિનામુલ્ય ધો.૧ માં નબળા અને વંચિત જુથના બાળકોને પ્રવેશ આપવાની યોજના અમલમાં છે. જે બાળકોએ ૧ લી જુન ૨૦૨૨ ના રોજ પાંચ વર્ષ પૂર્ણ કરેલ હોય તેઓ આ યોજના હેઠળ પ્રવેશપાત્ર બને છે.

મહીસાગર જિલ્લામાં વર્ષ ૨૦૨૨-૨૩ માં૭૯શાળાઓમાં ૩૦૦ જગ્યાઓ પર આર.ટી.ઈ એક્ટ અંતર્ગત પ્રવેશ મળવાપાત્ર છે. બાળકના વાલી www.rte.orpgujarat.com વેબસાઈટ પર તા.૩૦ માર્ચ ૨૦૨૨ થી તા.૧૧ એપ્રિલ ૨૦૨૨ દરમ્યાન પ્રવેશ ફોર્મ ભરી શકશે. જેમાં ફોર્મ ભરવા સંબંધી જરૂરી આધાર પુરાવાની વિગતો વેબસાઈટ પર ઉપલબ્ધ છે. આ યોજના હેઠળ પ્રવેશ માટે જરૂર જણાયે માર્ગદર્શન માટે જિલ્લા કચેરીના હેલ્પ લાઈન નં- ૦૨૬૭૪-૨૫૫૫૯૦ પર કચેરી સમય દરમ્યાન સંપર્ક કરવાનો રહેશે. વાલીએ ઓનલાઈન ફોર્મ ભરતી વખતે જરૂરી લાગુ પડતા આધાર પુરાવાઓ જેવા કે, જન્મ તારીખનો દાખલો, રહેઠાણનો પુરાવો, જાતિ-કેટેગરીનો દાખલો તેમજ આવકનો દાખલો વગેરે ઓનલાઈન અપલોડ કરવાના રહેશે. ઓનલાઈન ફોર્મ પ્રિન્ટ, વાલીએ પોતાની પાસે રાખવાની રહેશે. ઓનલાઈન ભરેલ ફોર્મ કોઈ પણ જગ્યાએ જમા કરવાનું રહેશે નહીં. પ્રવેશ કન્ફર્મ ન થાય ત્યાં સુધી વેબસાઈટ જોતા રહેવું. આ અંગે મોબાઈલ નંબર પર રાજ્ય કક્ષાએથી મેસેજથી જાણ કરવામાં આવશે માટે વાલીઓએ પોતાનો જ નંબર આપવો. તેમ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી મહીસાગરની અખબારી યાદીમાં જણાવાયું છે.

## ગોધરા મુસ્લીમ સમાજ અને હ્યુમન્સ કેર એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા નવા મદ્રેસા ખાતે રક્તદાન કેમ્પ યોજાયો



ગોધરા,

પંચમહાલ જિલ્લાના ગોધરા શહેરમાં સમસ્ત મુસ્લિમ સમાજ તથા હ્યુમન્સ કેર એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ ગોધરાના પ્રમુખ સાજીદ સુરતી અને તેમની ટીમ દ્વારા ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી ગોધરાના સહયોગથી શહેરના પોલન બજાર, મજાવર રોડ ખાતે આવેલ મદ્રેસા નુરૂલ ઈસ્લામ (નવા મદ્રસા) ખાતે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રક્તદાન શિબિરમાં ઉત્સાહથી મુસ્લિમ યુવાનો દ્વારા રક્તદાન કરવામાં આવ્યું હતું અને ખાસ તો ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી પંચમહાલ જિલ્લા શાખાના મેનેજિંગ કમિટી સભ્ય કૈલાસભાઈ કારીઆ, અનવર હાજી સિંધીએ પણ રક્તદાન કરીને યુવાનોને રક્તદાન કરવા માટે પ્રેરિત કર્યા હતા. આ ઉપરાંત સાજીદ સુરતી અને તેમની ટીમ દ્વારા પણ રક્તદાન કરવામાં આવ્યું હતું. આ રક્તદાન શિબિરમાં ૯૧ યુનિટ બ્લડ એકત્રિત કરવામાં આવ્યું હતું.

## આપની આજ.......

મેષ : પરિવારમાં કોઈ શુભ કામનું આયોજન કરવામાં આવે તેવી સંભાવના છે. લગ્ન કરવા માગતા વ્યક્તિની વાત આગળ વધી શકે છે. રોજગારી મેળવનારા યુવાનોને સફળતા મળશે.

વૃષભ : આજે સખત મહેનતની સ્થિતિ ઓછી રહેશે, તેનાથી વિપરિત મહત્વાકાંક્ષા વધારે રહેશે. નાની બાબતોમાં ઘરનું વાતાવરણ ઉગ્ર બની શકે છે. બાળકોની જીદને લીધે ચિંતા થઈ શકે છે.

મિથુન : લાંબા સમયથી મિત્ર સાથેનો તણાવ સમાધાનના સ્તરે સમાપ્ત થશે. તમને આમાં રાહત મળશે ત્યાં તો કોઈ ઉપયોગી વ્યક્તિનો તમારા જીવનમાં પાછા આવવાનો આનંદ પણ રહેશે. આર્થિક બાજુ સારી રહેશે અને દૈનિક વેપારીઓને ધનનો લાભ મળશે. કર્કઃ આજીવિકાના ક્ષેત્રમાં તમારા અનુભવને અન્ય લોકો પણ જાણવા લાગ્યા છે, થોડા દિવસો પછી નવી તકો પણ મળી શકે છે. જો વ્યવસાય સામાન્ય હોય તો પણ તેમની પોતાની ભૂલોને લીધે તેઓ તેમના લાભથી વંચિત રહેશે.

સિંહ : આજે દરેક કાર્યમાં વિજયનો દિવસ રહેશે, પરંતુ આ સમય માટે યોગ્ય રીતે ઉપયોગ કરવો પડશે. પિતાના માર્ગદર્શનથી ઘરની સમસ્યાઓ ક્ષેત્રે ઉકેલાશે. સાસરા પક્ષ તરફથી સંબંધો સૌહાર્દપૂર્ણ બનશે અને તેમને ટેકો પણ મળશે.

કન્યા : તમારા મતે કાર્યકારી વાતાવરણમાં સુધારો થશે અને સાથીદારોના સહયોગથી પ્રોજેક્ટ સમયસર પૂર્ણ થશે. આરોગ્ય સારું રહેશે, છતાં ભીડવાળી જગ્યાઓ પર જવાનું ટાળો. જો તમારા પૈસા કોઈ યોજના અથવા યોગ્ય રોકાણ માટે ખર્ચ કરી શકશો

તુલા : વ્યવસાયમાં અગાઉ લેવાયેલા નિર્ણયો આજે સાર્થક થઈ શકે છે, તેથી નફાની પરિસ્થિતિઓમાં વિકાસ થશે. વિદેશી કંપની સાથેની વ્યવસાયિક ભાગીદારી માટે સમય સારો છે. વિવાહિત જીવનમાં મધુરતા આવશે.

વૃશ્ચિક : આજે ભાઈઓ સાથે મર્યાદિત વર્તન કરવું સારું રહેશે, નહીં તો થોડો માનસિક ત્રાસ આવી શકે છે. પારિવારિક વાતાવરણ સામાન્ય રહેશે પરંતુ ખુશીની ક્ષણમાં ઉદાસી રહેશે. સ્વાસ્થ્યમાં થોડી નરમાઈ રહેશે.

ધનુ : તમારે વ્યાવસાયિક કાર્યમાં વધુ કામ કરવું પડશે, નહીં તો તમારા હિસ્સાનો બીજાને પણ ફાયદો થઈ શકે છે, બેદરકારી ટાળો. ક્ષેત્રમાં રોકાણ કરવાથી પરિસ્થિતિને નિયંત્રણમાં રાખવામાં મદદ મળી શકે છે

મકર : આજનો દિવસ સફળ છે, પરંતુ તમારી વાણી અને વર્તનને સંતુલિત રાખવો મહત્વપૂર્ણ છે. માત્ર ઓછા નફાને સંતોષ આપીને દિવસનો લાભ લઈ શકાય છે, નહીં તો વધારે લાભની તકમાં ચર્ચા થઈ શકે છે

કુંભ : આજે દિવસની શરૂઆતમાં તમે જે કામથી ઉત્સાહ સાથે કરશો તે પછી પૂર્ણ થશે. કોઈ માનસિક મૂંઝવણ અથવા ડરને લીધે તમારું સ્વાસ્થ્ય સારું નહીં રહે અને કામ ધીમું પડશે.

મીન : આજનો દિવસ તમારી વિચારસરણીનો બરાબર વિરોધી રહેશે, તમે વિચારશો અને કંઈક જુદું હશે. ધંધામાં જૂની યોજનાઓથી પૈસામાં ફાયદો થશે, પરંતુ નબળા નસીબના કારણે તમને થોડીક અછતનો અનુભવ થશે.

## કચ્છમાં જીપ અને ટ્રક વચ્ચે અકસ્માત, ત્રણના મોત

ભુજ,

ગુજરાતમાં સતત માર્ગ અકસ્માતની ઘટનાઓ વધી રહી છે. એક પછી એક સામે આવી રહેલ અકસ્માતની ઘટનામાં ઘણા નિર્દોષ લોકોને જીવ ગુમાવવાનો વારો આવે છે. ત્યારે આવામાં વધુ એક અકસ્માતની ઘટના સામે આવી છે. કચ્છના નખત્રાણાના અંગિયા ફાટક પાસે જીપ અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાતાં ત્રણ લોકોએ જીવ ગુમાવ્યો છે. આ ઉપરાંત અન્ય બે ગંભીર ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ અંગે મળતી માહિતી અનુસાર, કચ્છના નખત્રાણાના નાના આંગિયા ગામના ફાટક પાસે ગુરુવારે મોડી રાત્રે ભુજથી આઈનોક્સ કંપનીની બોલેરો જીપ આવી રહી હતી. તે સમયે એક ટ્રક મીઠુ ભરીને જઈ રહ્યુ હતું. બંને ગાડીઓ વચ્ચે એવી ટક્કર થઈ હતી કે, ટ્રકની ટક્કરથી જીપનો ખુડદો બોલાઈ ગયો હતો.

## લુણાવાડાના ઘંટાવ ગામ પાસે જંગલોમાં આગ પ્રસરતા નુકસાન

લુણાવાડા,

લુણાવાડાથી માત્ર ચાર કિ.મી. એરિયામાં આવેલ ઘંટાવ ગામ જે પાનમ નદીના તટ અને ડુંગરો પાસેનુ ગામ છે ત્યાંથી ફોરેસ્ટ વિભાગના જંગલો આવેલા છે. જંગલ વિસ્તારોમાં રહેતા સ્થાનિકો દ્વારા હોળી-ધુળેટી સમયે ડુંગર નવડાવવાની પ્રથા હોવાના કારણે પણ કયાંક ને કયાંક આગ લાગવાની બુમો ઉઠે છે. નજીક આવેલા ખેતરોમાં પણ કચરો સાફ કરવા આગ મુકતા હોય છે. જેના થકી પણ આગ જંગલો સુધી પ્રસરતી હોય છે. જેના કારણે જંગલમાં રહેતા અબોલા પ્રાણીઓ તેનો ભોગ બનતા હોય છે. જેને કારણે જંગલોને પણ નુકસાન થતુ હોય છે. જે અંગે ફોરેસ્ટ વિભાગ દ્વારા પુરતી તપાસ કરી આવી કોઈ ઘટના કરતા વ્યકિતઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવી જોઈએ.

# ગરબાડા પોલીસે તુફાન ગાડીમાં લઈ જવાતા ઈંગ્લીશ દારૂ સાથે એક ઈસમને ઝડપ્યો



દાહોદ,

દાહોદ જિલ્લાના ગરબાડામાં પોલીસે ગતરોજ પેટ્રોલિંગ દરમિયાન પ્રોહીના મુદ્દામાલ સાથે એક ફોર વહીલર ગાડી સાથે એક ઇસમને ઝડપી લીધો હતો જેમાં એક ઈસમ પોલીસને ચકમો આપી ભાગી ગયો હતો. ત્યારબાદ પોલીસે પ્રોહીનો મુદ્દામાલ તેમજ ગાડીનો કબ્જો મેળવી પોલીસ મથકમાં મૂકી દેવામાં આવી હતી. જે દારૂનો મુદ્દામાલ ભારલી ગાડીને મધ્યરાત્રીએ આવેલા ચાર ઈસમોએ પોલીસને પડકાર ફેંકી વિદેશી દારૂનો જથ્થો ભરેલી ગાડીને પોલીસ મથકમાંથી ઉઠાવી લઈ જતા પંથક સહીત પોલીસ બેડામાં ખળભળાટ મચી જવા પામ્યો છે. પંથકમાં બુટલેગર તત્વો બેફામ બનયા હોઈ તેમ વિદેશી દારૂની ગાડીને પોલીસ મથકમાંથી બિન્દાસ્ત પણે ઉઠાવી લઈ જતા દરમિયાન પોલીસના ગેટને પણ નુકશાન કર્યું હોવાનું જાણવા મળ્યું છે.

દાહોદ જિલ્લાના ગરબાડા પોલીસ મથકના પીએસઆઈ જે.એલ.પટેલ સ્ટાફના માણસો સાથે ગત તારીખ ૨૩મીના રોજ પેટ્રોલિંગમાં હતા. તે દરમિયાન પાટિયા ઝોલ તોરણ ફળિયામાં બાતમીના આધારે GJ.17.BN.0706 નંબરની તુફાન ગાડીને રોકી તલાશી લેતા તેમાંથી ૨૬,૪૦૦/- રૂપિયાનો વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. જેમાં પોલીસે દારૂના જથ્થા સાથે રમેશ ધૂળા માવીને ઝડપી પાડ્યો હતો, જયારે અન્ય એક ઈસમ પોલીસને ચકમો આપી ભાગી ગયો હતો. ત્યારબાદ પોલીસે વિદેશી દારૂનો જથ્થો તેમજ ફોર વહીલર ગાડીને પોલીસ મથકે લાવવામાં આવ્યો હતો અને આ અંગે પ્રોહીબીશન નો દાખલ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ નિશ્ચિત બનેલી પોલીસે રાત્રીના બે વાગ્યાના સુમારે પેટ્રોલિંગમાં નીકળી ગઈ હતી. દારૂનો જથ્થો તેમજ ગાડી પોલીસ મથકમાંજ મૂકી રાખવામાં આવ્યો હતો. ત્યારબાદ પોલીસને પડકાર ફેંકી રાત્રીના અંધારામાં બિન્દાસ્ત રીતે ત્રાટકેલા સોબાન છતરસીંગ ગણાવા રહેવાસી સંણદા તાલુકા ભાભરા જિલ્લો અલીરાજપુર રાકેશ છતરસીંગ ગણાવા, રવજીભાઈ છતરસીંગ ગણાવા, અનિલભાઈ લલ્લુભાઈ ભુરીયા રહેવાસી પાટિયા ઝોલ નાઓએ પોલીસ મથકમાં પડેલી વિદેશી દારૂ ભરેલી ફોર વહીલર ગાડીને લઈને ફરાર થઈ ગયા હતા તેમજ જતા જતા પોલીસ મથકના ગેટને પણ ક્ષતીગ્રષ્ત કરી ગયા હતા. ત્યારબાદ આ સમગ્ર મામલો સામે આવતા પંથક સહીત પોલીસ બેડામાં ખળભળાટ મચી જવા પામ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છેકે, ગરબાડા પોલીસ મથકે લાગેલા સીસીટીવી કેમેરા પણ છેલ્લા કેટલાય સમયથી બંધ છે. તે અંગે પોલીસે હજુ કોઈ કામગીરી કરી નથી અને સમાચાર લખાય છે. ત્યારસુધી બનાવ બન્યાને ૪૮ કલાક થી વધુ સમય વીતવા છતાંય પોલીસને પડકાર ફેંકી પોલીસ મથકમાંથી દારૂની સાથે સાથે ગાડી પણ લઈ જનાર ઈસમો ને પકડવામાં પોલીસનો પનો ટૂંકો પડ્યો છે. જો ગરબાડા પોલીસ મથકમાં લાગેલા સીસીટીવી કેમેરા ચાલુ હોત તો પોલીસને પડકાર ફેંકનાર આરોપીઓને પકડવામાં તેમજ તેમનું પગેરૂ શોધવામાં મહત્વની કડી મળતી તેમાં કોઈ બે મત નથી. ત્યારે આ સમગ્ર પ્રકરણમાં પોલીસની નિષ્કાળજી ક્ષતિ થઈ છે. ત્યારે આવનારા સમયમાં ગરબાડા પોલીસ મથકમાં કામ કરનાર પોલીસ સામે ગાજ પઢવાના એંધાણ વર્તાઈ રહ્યા છે. ત્યારે પોલીસને પડકાર ફેંકનાર આવા બુટલેગરો સામે કેવા પ્રકારના પગલાં પોલીસ તંત્ર લે છે તે જોવું રહ્યું.

# દાહોદ જીલ્લામાં અલગ-અલગ સ્થળોએથી ઈંગ્લીશ દારૂ ઝડપ્યો

દાહોદ,

દાહોદ જિલ્લામાં બે જુદા જુદા બનાવોમાં પોલીસે ૬૧,૧૦૦/- રૂપિયાની કિંમતના વિદેશી દારૂના જથ્થા સાથે એક વ્યક્તિને ઝડપી પાડ્યો છે. જયારે અન્ય બે ઈસમો વિદેશી દારૂનો જથ્થો રોડ પર ફેંકી પોતાનું વાહન લઈ ભાગી છૂટ્યા છે. ત્યારે પોલીસે એક ફોર વહીલર ગાડી તેમજ વિદેશી દારૂનો જથ્થો મળી કુલ રૂપિયા ૫.૬૧ લાખ નો મુદ્દામાલ કબ્જે કરી વિદેશી દારૂની હેરફેરમાં સામેલ કુલ પાંચ ઈસમો સામે પોલીસે ગુનો દાખલ કરી આગળની વધુ તપાસ હાથ ધરી છે.

પ્રોહીનો પહેલો બનાવ ઝાલોદ તાલુકાના પાવડી એસારપી કેમ્પની પાસે બનવા પામ્યો છે. જેમાં અરવિંદ ઉર્ફે નિલેશ કુલાભાઈ વહોનિયા રહેવાસી કિશોઈ બારીયા ફળિયું સીબવડ મુકેશ ડામોર વરખ ફળિયું તેમજ સંજય ભાઈ પગી માતાના પાડલા રહેવાસી સીંગવડ નાઓએ પોતાના કબ્જા હેઠળની GJ.18.U.9380 નંબરની મહિન્દ્રા બોલેરો ગાડીમાં મધ્યપ્રદેશથી વિદેશી દારૂનો જથ્થો ભરી સીંગવડ તરફ જઈ રહ્યા હતા. જયારે રસ્તામાં ઝાલોદ તાલુકાના પાવડી નજીક એસારપી કેમ્પ પાસે વોચમાં ઉભેલી લીમડી પોલીસે તેઓને રોકતા મુકેશ ડામોર તેમજ સંજય પગી પોલીસને ચકમો આપી ભાગી ગયા, જયારે અરવિંદભાઈ નિલેશભાઈ વહોનિયાને પોલીસે ઝડપી ગાડીની તલાશી લેતા તેમાંથી વિદેશી દારૂમાં જ બિયરની ૨૬૪ બોટલો મળી કુલ ૨૯,૭૬૦/- રૂપિયાનો મુદ્દામાલ મળી આવતા પોલીસે વિદેશી દારૂનો જથ્થો તેમજ પાંચ લાખ રૂપિયા કિંમતની મહિન્દ્રા બોલેરો ગાડી મળી ૫.૨૯ હજાર ૭૬૦ રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કરી વિદેશી દારૂની હેરફેરમાં સામેલ ત્રણ ઈસમો વિરૂદ્ધ પ્રોહીબીશન અંગેનો ગુનો દાખલ કર્યો હતો.

પ્રોહીનો બીજો બનાવ દાહોદ તાલુકાના રળીયાતી સુંવાળી ફળીયા નજીક ખાન નડાઈના પુલ નજીક બન્યો હતો જેમાં રળીયાતી સાંસી વાડ ખાતેનો રહેવાસી આનંદ રાયસીંગ સાંસી તેના મિત્ર જોડે મળી મોટર સાઈક્લ પર કંથાણના લગડામાં વિદેશી દારૂ ભરીને આવતો હતો. તે સમયે રસ્તામાં પોલીસે તેનો પીછો કરતા આનંદ રાયસીંગ સાંસી કંથાણનો લગડો રસ્તામાં ફેંકી તેના મિત્ર જોડે ભાગી ગયો હતો. ત્યારબાદ પોલીસે કંથાણના લગડાની તલાશી લેતા તેમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની જુદા જુદા માર્કાની ૧૫૨ બોટલો મળી ૩૧ હજાર ૩૪૦ રૂપિયાનો વિદેશી દારૂનો જથ્થો મળી આવતા પોલીસે વિદેશી દારૂનો જથ્થો જપ્ત કરી દારૂની હેરફેરમાં સામેલ બન્ને ઈસમો વિરૂદ્ધ પ્રોહી અંગેનો ગુનો દાખલ કરી આગળની વધુ તપાસ હાથ ધરી હતી.

# દાહોદના નાના લુંણધા ગામે કડાણા આધારીત પાઈપ લાઈનમાં ભંગાણ સર્જાતા પાણીનો વેડફાટ


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ તાલુકાના નાના લૂંણધા ગામેથી પસાર થતી કડાણા જળાશય આધારિત પાઈપ લાઈનમાં ભંગાણ સર્જાતા હજારો લીટર પાણીનો વેડફાટ થયો હતો. જોકે, આ મામલે સ્લગન વિભાગને જાણકારી મળતા તેઓએ પાઈપ લાઈનમાં સર્જાયેલા ભંગાણમાં કામગીરી કરવા હોવાનું જાણવા મળેલ છે.

હાલ ઉનાળાની સીઝન ચાલી રહી છે. તો ખેડૂતોને સિંચાઈનું પાણી નથી મળી રહ્યું. ત્યારે બીજી તરફ પાઈપ લાઈનના વાલ્વમાં લીકેજના કારણે હજારો લીટર પાણીનો વેડફાટ જોતા બીજી બાજુ લોકો ભર ઉનાળે પીવાના પાણી માટે કકળાટ કરતા જોવા મળી રહ્યા છે. ત્યારે કડાણા જળાશય આધારિત પાઈપ લાઈનમાં અવાર નવાર પાણીના વેડફાટના દ્રશ્યો સર્જાતા જોવા મળી રહ્યા છે. ત્યારે આજરોજ પુનઃ એક વખત દાહોદ તાલુકાના નાના લુણધા ગામેથી પસાર થતી પાઈપ લાઈનમાં ભંગાણ સર્જાતા હજારો લીટર પાણીનો વેડફાટ જોવા મળ્યો હતો. ત્યારે અવાર નવાર કડાણા સિંચાઈ યોજનાની પાઈપ લાઈનમાંથી ભંગાણ સર્જાવાના બનાવો બની રહ્યા, એક તરફ સિંચાઈના પાણીને લઈને ખેડૂતો હેરાન બનયા છે. ત્યારે બીજી બાજુ પીવાના પાણી માટે ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારના નાગરિકો વલખાં મારી રહ્યા છે. ત્યારે જવાબદાર સ્લગન અધિકારીઓ દ્વારા આવા પાણીના લીકેજના બનતા બનાવોને અટકાવવામાં આવે તે માંગ ઉઠવા પામી છે.

# દે.બારીયા પોલીસે સંગ્ધીદ બાઈક ચોરોને બસ સ્ટેન્ડ ઉપર થી ઝડપ્યા

દે.બારીયા,

દે.બારીયા પોલીસ એકસનમાં આવતાં બસ સ્ટેન્ડ ઉપર થી રાત્રે લગભગ ૧.૩૦ કલાકે ત્રણ બાઈકસ ચોરોને ઝડપી પાડયા. ત્રણમાં એક સંગ્ધીદ બાઈક ચોર ભાગી જવામાં સફળ થયો છે. જયારે બે જણને પોલીસે પકડી પાડયાના પ્રાથમિક અહેવાલ છે.

મળતી માહિતી અનુસાર ગતરાત્રીમાં પોલીસ પેટ્રોલીંગમાં નીકળતા તા.૨૪/૦૩/૨૦૨૨ના ગુરુવારના રાત્રીમાં બસ સ્ટેન્ડ ઉપર ત્રણ બાઈક ચોરો ભેગા મળીને પ્લાન બનાવે તે પહેલા પોલીસે ઝડપી પાડયા. તેમાં એક નાશી જવામાં સફળ થયો. બે જણને પોલીસ લઈ ગઈ. તેમની પાસે તલાસીમાં નકલી બાઈકની ચાવીઓ ગુચ્છ મળી આવ્યું હતું. તેવું આમ જનતામાં ચર્ચાઈ રહ્યું છે. ત્રણ દિવસના પહેલા એક ટ્રક ચોરાઈ તેની સ્યાહી સુકાઈ નથી. તેવામાં પોલીસ એકશનના મુળમાં હતી. બાઈક ચોરોને ઝડપી પાડતા આમ જનતાએ બિરદાવી પણ છે અને રાત્રી પેટ્રોલીંગ મજબુત બનાવે તેવી આમ જનતાની માંગ છે.

# ઝાલોદના ટીંબા ગામની પરણિતાને પતિ અને સાસરીયાએ ત્રાસ આપતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના ટીંબા ગામે લઘુમતિ કોમની પરણિતાને તેના પતિ તથા સાસરીયાઓ દ્વારા શારિરીક અને માનસીક ત્રાસ આપતાં પરણિતા દ્વારા પોતાના પતિ તથા સાસરીયાઓ વિરૂદધ દાહોદ મહિલા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ઝાલોદ નગરના કસ્બા ફળિયામાં પોતાના પિયરમાં રહેતી અને ઝાલોદ તાલુકાના ટીંબા ગામે ફતેપુરા રોડ પર ખાતે રહેતાં જુનેદ સિદ્દીક અબ્દુલ ગની શેખ સાથે લગ્ન કરાવેલ અંજુમેન નસરૂલ્લાખાન પઠાણને તેના પતિ જુનેદ તથા સાસરીપક્ષના સિદ્દીક શેખ, શહેજાદ શેખ, મિનાઝનાઓએ અંજુમબેનને અવાર નવાર મેણા ટોણા મારી, તું અમને ગમતી નથી, તને રાખવાની નથી, અમારા છોકરા માટે દેખાવડી પત્નિ લાવવાની છે, તેમ કહી બેફામ ગાળો બોલી, અંજુમબેનને શારિરીક અને માનસીક ત્રાસ આપતાં આ સંબંધે આવા અમાનુષી ત્રાસથી વાજ આવેલ પરણિતા અંજુમબેન દ્વારા પોતાના પતિ તથા સાસરીયાઓ વિરૂધ્ધ દાહોદ મહિલા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ રાષ્ટ્રીય રમતના ધુરંધર ખેલાડીઓ આ મેદાન પર તૈયાર થઈ રહ્યા છે



દાહોદ,

આ મેદાન પર રાષ્ટ્રીય રમત હોકીના મહારથીઓ તૈયાર થઈ રહ્યાં છે. આ ખેલ મહાકુંભ ૨૦૨૨ નો શાનદાર નજારો છે. દાહોદના આદિવાસી ખેલાડીઓએ નવનિર્મિત દેવગઢ બારીયાના હોકીમેદાન પર બરાબરની જમાવટ કરી હતી. આ મેદાન પર ગત તા. ૨૨-૨૩ માર્ચના રોજ હોકીની સ્પર્ધા યોજાઈ હતી.

જિલ્લા કક્ષાની હોકી સ્પર્ધામાં કુલ ૬૬૬ ખેલાડીઓએ ભાગ લીધો હતો. જેમાં ૩૬૨ જેટલી મહિલા ખેલાડીઓએ ભાગ લીધો હતો.

# ફતેપુરાના હિંગલા ગામે ઝઘડાની અદાવતમાં ધિંગાડુ મચાવતા ચાર ઈસમો સામે ફરિયાદ

દાહોદ,

ફતેપુરા તાલુકાના હિંગલા ગામે અગાઉના ઝઘડાની અદાવત રાખી ચાર જેટલા ઈસમોએ એકસંપ થઈ એક વ્યકિતના ઘર ઉપર પથ્થરમારો કરી તેમજ બે મહિલા સહિત ત્રણ જણાને માર મારી ધિંગાણુ મચાવ્યુ હતુ.

ગત તા.૨૦મી માર્ચના રોજ હિંગલા ગામે રહેતા સમસુ જગાભાઈ સંગાડા, જયપાલ કલસીંગભાઈ સંગાડા, અનીલ માનસિંગભાઈ સંગાડા, અને મનહર માનસિંગભાઈ સંગાડાચએ એકસંપ થઈ પથ્થરો તેમજ લાકડીઓ લઈ ગામમાં રહેતા ઈટલીબેન બાબુભાઈ ભગોરાના ઘરે જઈ બિભત્સ ગાળો બલી હોળીના દિવસે કેમ ઝઘડો કરેલ તેમ કહી ઉશ્કેરાઈ જઈ ઘર ઉપર પથ્થર મારો કરી નળિયાની તોડફોડ કરી ઈટલીબેન, જીજ્ઞેશભાઈ, અને સોનલબેનને લાકડી વડે માર મારી ઈજાઓ પહોંચાડી ભારે ધિંગાડુ મચાવ્યુ હતુ. આ સંબંધે સુખસર પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા પામી હતી.

# તા.૨૮ માર્ચ, સોમવારે દાહોદની ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાતે મહિલાઓ માટે ખાસ ભરતી મેળો યોજાશે

દાહોદ,

ઔદ્યોગિક તાલીમ સંસ્થા દાહોદે આગામી તા.૨૮ માર્ચના રોજ સવારે ૧૦ વાગેથી ફક્ત મહિલાઓં માટે ભરતીમેળાનું આયોજન કર્યુ છે. જેમાં હીરો મોટો કોર્પ, હાલોલ-પંચમહાલ તેઓંની વેકેન્સી સાથે હાજર રહેનાર છે. આ ભરતી મેળામાં આઈ.ટી.આઈ ફિટર, ટર્નર, મશીનીષ્ટ, મીકે.ડિઝલ, મીકે.મોટરવ્હીકલ, પેન્ટર, વેલ્ડર, ટુ-વ્હીલર-ઓટોરીપેરીંગ, કોપ, ઈ-કોમર્સ, આઈ.સી.ટી.એસ.એમ, રેફ્રીજરેશન એર કંડીશન ટ્રેડની ૧૮ થી ૨૬ વર્ષની પાસ ઉમેદવારો તેમજ ૧૮ થી ૨૪ વર્ષની ધો.૧૦ અને ૧૨ પાસ મહિલા ઉમેદવારો ભાગ લઇ શકશે. ઉકત ભરતીમેળાનો મોટી સંખ્યામાં લાભ લેવા આચાર્ય, આઇટીઆઈએ જણાવ્યું છે. ઝાલોદ રોડ સ્થિત આઈટીઆઈ ખાતે આ ભરતી મેળો યોજાશે.

# વિશ્વના દેશોએ હવે રશિયા પાસેથી રૂબલમાં ગેસ ખરીદવો પડશે : પુતિન



મોસ્કો,

નવી દિલ્હી : યુક્રેન સાથે ચાલી રહેલા યુદ્ધ વચ્ચે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને એક મહત્વપૂર્ણ ઘોષણા કરતા જણાવ્યું કે, દુશ્મન દેશોએ રશિયા પાસેથી કુદરતીગેસ ખરીદવા માટે હવે રૂબલમાં ચૂકવણી કરવી પડશે, જેમાં યુરોપીયન સંઘ (ઇયુ)ના તમામ સભ્ય દેશો સામેલ છે. પુતિને જણાવ્યું કે, તેઓ હવે રશિયાની વિરુદ્ધમાં ઊભા રહેલા લોકોને ડોલર અને યુરોમાં ગેસનું વેચાણ કરશે નહીં.

યુક્રેન પર આક્રમણ દરમિયાન તમામ દેશોએ રશિયન પ્રોપર્ટીને સીઝ કરી દીધી છે. તેના વળતા જવાબમાં પુતિને આ પગલું ભર્યું અને કહ્યું કે, સંબંધિત દેશોએ તેમનો વિશ્વાસ તોડયો છે. યુરોપના કુલ વપરાશમાં રશિયન ગેસનો હિસ્સો લગભગ ૪૦% છે, અને આ વર્ષે અત્યાર સુધીમાં રશિયામાંથી ઇયુ ગેસની આયાત ૨૦૦ મિલિયનથી ૮૦૦ મિલિયન યુરો (૮૮૦ મિલિયન ડોલર)ની વધ-ઘટ આવી છે. કરન્સીમાં ફેરફારના કારણે વ્યાપારમાં હલચલ સર્જાય શકે તેવી શકયતા છે. બુધવારે જ કેટલાક યુરોપિયન અને બ્રિટિશ જથ્થાબંધ ગેસના ભાવમાં લગભગ ૧૫-૨૦%નો વધારો થયો હતો.

પુતિને જણાવ્યું કે, સરકાર અને કેન્દ્રીય બેંકને એ જાણવા માટે એક સપ્તાહનો સમય આપવામાં આવ્યો છે કે, આવનારા ચલણને રશિયન ચલણ રૂબલમાં કેવી રીતે રૂપાંતરિત કરવું. હવે ગેસ કંપનીને પણ કોન્ટ્રાકટમાં સંબંધિત ફેરફારો કરવાનો આદેશ આપવામાં આવશે. ૨૪ ફેબ્રુઆરીથી રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધ ચાલું છે. રશિયાએ યુક્રેનમાં તેની કાર્યવાહીને 'ખાસ લશ્કરી અભિયાન' ગણાવ્યું છે. યુક્રેન અને તેના પશ્ચિમી સાથીઓ તેને રશિયા દ્વારા યુદ્ધ માટેનું નિરાધાર બહાનું ગણાવી રહ્યા છે. યુક્રેનના સમર્થનમાં અમેરિકા સહિત નાટો અને યુરોપિયન યુનિયનના દેશોએ રશિયા પર આકરા આર્થિક પ્રતિબંધો લગાવ્યા છે અને પશ્ચિમી કંપનીઓએ હુમલો કરનાર દેશમાં તેમનો કારોબાર બંધ કરી દીધો છે.

અમુક પશ્ચિમી દેશોને ગેસના નિકાસની ચૂકવણી માત્ર રશિયાના સ્થાનિક ચલણમાં કરવાના સરકારના ફરમાન બાદ રૂબલના મૂલ્યમાં રોકેટ તેજી આવી હતી. રશિયન ચલણ ડોલર સામે ૯૫ રૂબલની ત્રણ સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચી ગયું હતું. યુરોપના ચલણ યુરો સામે પણ રૂબલ ૩.૫% વધ્યું હતું, જે ૧૧૦.૫ રૂબલ પ્રતિ યુરો પર ટ્રેડ કરી રહ્યો છે.

રશિયા-યુક્રેન યુદ્ધને કારણે લાદવામાં આવેલ પ્રતિબંધોને કારણે આ મહિનાની શરૂઆતમાં રૂબલ ઐતિહાસિક નીચલી સપાટીએ ગબડયો હતો. પશ્ચિમી દેશોના પ્રતિબંધોને કારણે રશિયન અર્થતંત્રને મસમોટો ફટકો લાગ્યો છે. ૭ માર્ચે ડોલરની સામે ૧૩૨ રૂબલ અને યુરો દીઠ ૧૪૭ રૂબલના રેકોર્ડ નીચા સ્તરે પહોંચ્યો હતો જે ફેબ્રુઆરી મહિનામાં અનુક્રમે ૭૫ અને ૮૫ રૂબલ પર હતો.

રશિયન પ્રમુખે સેન્ટ્રલ બેંક અને સરકારને રશિયન ગેસના ખરીદદારો દ્વારા સ્થાનિક બજારમાં રૂબલની ખરીદી માટે કામગીરીનો ક્રમ એક અઠવાડિયાની અંદર નક્કી કરવા સૂચના આપી હતી. પુતિને ઉમેર્યું હતું કે રશિયા વોલ્યુમો અનુસાર અને કરારમાં નિષ્કર્ષિત કિંમતના સિદ્ધાંતો અનુસાર ગેસ સપ્લાય કરવાનું ચાલુ રાખશે. માત્ર ચુકવણીનું ચલણ બદલાશે.

# બોર્ડની પરીક્ષા આપતા વિદ્યાર્થીઓને જિલ્લા પોલીસ અધિક્ષકનો શુભેચ્છા સંદેશ


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

આગામી સોમવારથી શરૂ થતી ધોરણ ૧૦-૧૨ ની બોર્ડની પરીક્ષાઓ સંદર્ભે જિલ્લા પોલીસ અધિક્ષક હિતેશ જોયસરે વિદ્યાર્થીઓને શુભેચ્છા સંદેશ પાઠવ્યો છે. તેમણે જણાવ્યું કે, વિદ્યાર્થીઓ કોઈ પણ જાતના તણાવ વિના શાંત ચિત્તે પરીક્ષા આપે. વાલીઓ પણ બાળકને શાંત માહોલ પૂરો પાડે.

તેમણે ઉમેર્યું કે, ગુજરાત પોલીસ અને રાજયના ડીજીપી દ્વારા જે વિદ્યાર્થીઓ-વાલીઓ પરીક્ષાનો તણાવ અનુભવતા હોય તેમના માટે જીવનઆસ્થા હેલ્પલાઈન નંબર શરૂ કરાયો છે. તેનો અવશ્ય લાભ લે. જીવનઆસ્થા હેલ્પલાઈન નંબર આ મુજબ છે : ૧૮૦૦૨૩૩૩૩૩૦.

તેમણે જણાવ્યું કે, બોર્ડની પરીક્ષા જીવનની ઘણી પરિક્ષાઓમાંની એક છે. આત્મવિશ્વાસ સાથે તેનો સામનો કરો. કોઈ પણ જાતના તણાવ વિના પરીક્ષા આપવા હું ફરીથી અપીલ કરૂં છું.

# સિંગતેલ અને કપાસિયામાં ડબ્બે ૨૫ રૂપિયાનો વધારો : હવે છોલે- કુલચે, ભજીયા, ગાંઠીયા, વડાપાઉં વગેરે વાનગીઓનો ચટાકો મોંઘો

અમદાવાદ,

દેશભરમાં મોંઘવારીએ માઝા મૂકી છે. જીવન જરૂરિયાતની વસ્તુઓ મોંઘી થતા સામાન્ય માણસોની કમર તૂટી ગઈ છે. પેટ્રોલ-ડીઝલ, દૂધ અને અન્ય ખાદ્યપદાર્થોમાં પણ વધારો થતા જીવન નિર્વાહ કરવું મુશ્કેલ પડ્યું છે. આ વચ્ચે ખાદ્યતેલમાં ફરીથી વધારો થતા ગૃહિણીઓનું બજેટ ખોરવાયું છે. સિંગતેલ અને કપાસિયા તેલના ડબ્બાઓમાં ૨૫ રૂપિયાનો વધારો નોંધાતા ભાવ આસમાને પહોંચ્યા છે. સીંગતેલના ડબ્બાનો નવો ભાવ ૨૬૦૦ રૂપિયા પર પહોંચ્યો છે, તો બીજી તરફ કપાસિયા તેલના ડબ્બાનો ભાવ ૨૫૫૦ પર પહોંચ્યો છે. નવાઈની વાત એ છે કે બન્ને તેલના ડબ્બાના ભાવમાં માત્ર ૫૦ રૂપિયાનું અંતર રહ્યું છે. દરેક તેલના ભાવમાં ૬ મહીનાથી સતત વધારો થતા હવે જમવાની થાળી પણ ફિક્કી લાગી રહી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.180

# પંચમહાલ આવૃત્તિ

ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર


# ગોધરા કસ્બા કચેરી બંધ રહેતા અરજદારો પરેશાન મામલતદારને રજુઆત કરાઈ



ગોધરા,

ગોધરા કસ્બા તલાટીની કચેરી નિયમિત અને સમયસર નહી ખોલવા આવતાં અરજદારોને ધક્કા ખાવા પડી રહ્યા છે. આજરોજ કસ્બા તલાટી કચેરી બપોર સુધી નહી ખોલવામાં આવતાં કચેરી બહાર રાહ દેખતા અરજદારો દ્વારા ગોધરા મામલતદાર કચેરી ખાતે પહોંચીને રજુઆત કરવામાં આવી.

ગોધરા કસ્બા તલાટી કચેરીમાં તલાટી કમ મંત્રીઓ રેગ્યુલર કચેરીમાં હાજરી આપતા નથી. શહેરી વિસ્તારના અરજદારોને સામાન્ય કામો માટે પણ કસ્કા કચેરી ખાતે આવવું પડતું હોય છે પરંતુ કસ્બા કચેરીને ઓફિસ ટાઈમ ઉપર તાળા લટકતાં જોવા મળતા હોય છે. આજરોજ કસ્બા કચેરી બહાર રાહ જોઈને બેઠા હતા. ત્યારે કસ્બા કચેરીની ઓફિસમાં કોઈ બહાર રાહ જોઈને બેઠા હતા. ત્યારે કસ્બા કચેરીની ઓફિસમાં કોઈ તલાટી કે કર્મચારી હાજર ન હોવાથી અરજદારો પરેશાનીમાં મુકાયા હતા. કસ્બા કચેરી બપોર સુધી ખોલવામાં નહીં આવતાં અરજદારો ગોધરા મામલતદાર કચેરી ખાતે પહોંચીને કસ્બા કચેરીમાં તાળા હોવા અંગે તેમજ કર્મચારીઓ ઓફિસ સમયે કચેરીમાં હાજર રહેતા ન હોવાની રજુઆત કરવામાં આવી. ગોધરા મામલતદારની જુની કચેરીને બદલવામાં આવ્યા બાદ અરજદારોને સામાન્ય કામો અર્થે મામલતદાર કચેરી આને ત્યાંથી કસ્બા તલાટી કચેરી સુધી લાંબા થવું પડતું હોય છે. તેમાં પણ કસ્બા તલાટી કચેરી અનિયમિત ખુલવાના કારણે તેમજ કચેરી ખુલ્લી હોય ત્યારે તલાટી હાજર મળતા ન હોવાથી અરજદારોને પરેશાની વેઠવાનો વખત આવ્યો છે. જ્યારે આજરોજ કસ્બા કચેરી ન ખુલવા મુદ્દે મામલતદારને રજુઆત કરવામાં આવી છે. ત્યારે આશા રાખી શકાય કે કસ્બા કચેરી નિયમિત ખુલ્લી રહેશે.



ગોધરા શહેરમાં ''The Kashmir Files'' પિકચર ઉપર દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે જે ટિપ્પણી કરી છે. તેના વિરોધમાં અરવિંદ કેજરીવાલના પૂતળાનું દહન કરવામાં આવ્યું. અરવિંદ કેજરીવાલે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી માટે જે નિમ્નકક્ષાની રાજનીતિ કરી તેને ભારતીય જનતા યુવા મોરચો ગોધરા તાલુકા તથા ગોધરા શહેરના યુવા સભ્યો દ્વારા વખોડી કરાયું હતું.

# ગોધરા ડીવીઝનના છ પોલીસ મથકમાં એક વર્ષ દરમિયાન ઝડપાયેલ ૪.૨૦ કરોડના વિદેશી દારૂનો નાશ કરાયો



ગોધરા,

ગોધરા ડીવીઝનના છ પોલીસ મથકમાં એક વર્ષ દરમ્યાન ૩૬૭ ગુનાઓમાં ઝડપાયેલા ૪.૨૦ કરોડના વિદેશી દારૂના જથ્થાનો આજે ગોધરા તાલુકાના ભેખડીયા ગામે સરકારી પડતર જમીનમાં ડીવાયએસપી અને પ્રાંત અધિકારીની ઉપસ્થિતિમાં બુલડોઝર ફેરવી નાશ કરવામાં આવ્યો હતો.

ગાંધીના ગુજરાતમાં દારૂબંધી માત્ર કાગળ પર હોવાનું બહાર આવ્યું છે ગોધરા ડીવીઝનમાં સમાવિષ્ટ છ પોલીસ મથકમાં નોંધાયેલા ૩૬૭ દારૂના ગુનાઓમાં ૧,૨૯,૫૯૪ જેટલી વિદેશી દારૂની બોટલો ઝડપાઈ હતી. જે કુલ ૪.૨૦ કરોડનો વિદેશી દારૂના જથ્થાનો નાશ કરવા માટે કોર્ટ દ્વારા મંજુરી આપવામાં આવતા આજે ગોધરા તાલુકાના ભેખડીયા ગામ પાસે ગોધરા શહેરા પ્રાંત અધિકારી અને ગોધરા ડીવાયએસપીની ઉપસ્થિતિમાં જુદા જુદા છ પોલીસ મથકોમાંથી વિદેશી દારૂનો મુદ્દામાલ વાહનોમાં ભરીને લાવવામાં આવ્યો હતો અને ત્યાર બાદ તમામ મુદ્દામાલને જમીન પર મુકી તેના પર બુલડોઝર ફેરવી વિદેશી દારૂનો નાશ કરવામાં આવ્યો હતો. ગોધરા ટાઉન પોલીસ મથકમાં નોંધાયેલા ૪૬ ગુનામાં પકડાયેલી ૯૦૦૦ બોટલો કિં.રૂ ૯ લાખ ગોધરા ગ્રામ્ય પોલીસ મથકમાં નોંધાયેલા ૧૯૦ ગુનામાં ૮૪,૦૦૦ ઉપરાંત બોટલો કિં.રૂ ૨.૯૪ કરોડ કાંકણપુર પોલીસ મથકમાં નોંધાયેલા ૧૫ ગુનામાં ૨૧૦૦ બોટલો કિં.રૂા. ૨,૧૩,૦૦૦, શહેરા પોલીસ મથકમાં નોંધાયેલા ૮૪ ગુનામાં ૧૭,૦૦૦ બોટલો કિં.રૂા.૧૩,૩૩,૦૦૦, મોરવા(હ) મથકમાં નોંધાયેલા ૩૨ ગુનામાં ૧૭૫૦૦ બોટલો કિં રૂ.૧.૦૧ કરોડના દારૂનો નાશ કરવામાં આવ્યો હતો આમ ગોધરા ડીવીઝનમાં એક વર્ષ દરમ્યાન ઝડપાયેલા ૪.૨૦ કરોડના દારૂનો નાશ ગોધરા ડીવાયએસપી અને ગોધરા શહેરા પ્રાંત અધિકારી અને તમામ પોલીસ મથકના અધિકારીઓની ઉપસ્થિતમાં બુલડોઝર ફેરવી નાશ કરવામાં આવ્યો હતો. દારૂ નાશ કરવાની પ્રક્રિયા દરમ્યાન પોલીસ દવારા બંદોબસ્ત પણ તૈનાત કરવામાં આવ્યો હતો.

# ગોધરાના કાંકણપુર ગામે ખેતીની જમીન NA કરાવ્યા વગર પ્લોટ પાડી બિલ્ડરે પ્લોટનું ટોકન ઉઘરાવ્યાનો ચોંકાવનારો કિસ્સો

## કાંકણપુર ગામની સંયુકત વારસદારોની ખેતીની જમીનમાં એક વારસદાર સાથે રાખી બિલ્ડરે વેચાણ કરાર કરી પ્લોટ પાડયા

**કાંકણપુર ગામે ખેતીની જમીન બિનખેતીમાં રૂપાંતરીત કરવાની પ્રક્રિયા કર્યા વગર ગોધરાના બિલ્ડર દ્વારા ખેતીની જમીનમાં પ્લોટીંગ કરવામાં આવ્યું. બિનખેતી (એન.એ.) થયા વગરની જમીનમાં પાડેલ પ્લોટ પેટે બુકીંગ કરવામાં આવ્યું. અંદાજીત ૧૦૦ જેટલા ગ્રાહકો પાસેથી પ્લોટના ટોકન પેટે ૫૦,૦૦૦/- રૂપીયા ઉઘરાવી લેવામાં આવ્યાનું સામે આવ્યું.**

ગોધરા,

ગોધરા તાલુકાના કાંકણપુર ગામે ખેતીની જમીનના સંયુકત ખાતેદારોના જાણ બહાર કરેલા વેચાણ કરારના આધારે બિનખેડુત બિલ્ડર દ્વારા આ ખેતીની એન.એ. કરાવ્યા વગર જમીનમાં બારોબાર રહેણાંક પ્લોટ પાડીને પ્લોટ પેટે ટોકન રૂપીયા ઉઘરાવી લેવાનો કિસ્સો સામે આવ્યો છે. આ બાબતે મહિલા અરજદાર દ્વારા રાજયના મહેસુલ મંત્રીને લેખિત રજુઆત કરવામાં આવી છે. ખેતીની જમીન એન.એ. કર્યા વગર પ્લોટના ટોકન રૂપીયા આપ્યા હોય તેવા ખરીદદારો ચિંતામાં મુકાયા છે.

ગોધરા તાલુકામાં આવેલ કાંકણપુર ધંધાકીય હબ તરીકે ઉભરી આવ્યું છે. આવા વેપારી મથક કાંકણપુર ગામે સંયુકત વારસદારોની સાથે નોટરી રૂબરૂમાં ગોધરાના બિનખેડુત હોય તેવા બિલ્ડર દ્વારા અન્ય સંયુકત મિલ્કતના વારસદારોની જાણ બહાર વેચાણ કરાર કરવામાં આવ્યો હતો. આ વેચાણ કરારમાં સમય મર્યાદામાં ખેતીની જમીનને બિનખેતી કરાવી આપવાનું લખાણ કરવામાં આવ્યું હતું. તેમ છતાં બિલ્ડર દ્વારા ખેતીની જમીન રહેણાંક હેતુ માટે બિનખેતી (એન.એ.) થાય અને નિયમો મુજબ નકશાઓ મંજુર થાય તે પહેલા બિલ્ડર દ્વારા ખેતીની જમીનમાં પ્લોટો પાડવામાં આવ્યા હતા. અને ખેતીની જમીનમાં એન.એ. પ્રક્રિયા પહેલા પાડવામાં આવેલ પ્લોટો પેટે ૧૦૦ ઉપરાંત પ્લોટ ખરીદનાર પાસેથી ટોકનના રૂપીયા ઉઘરાવીને તેની પહોંચ પણ આવી હોવાનો કિસ્સો સામે આવ્યો છે. કાંકણપુર ગામમાં સંયુકત વારસદારોની ખેતીની જમીનના એક વારસદાર સાથે નોટરી પાસે લઈ જઈને બિલ્ડર દ્વારા વેચાણ કરાર કરાવીને ખેતીની જમીન ખેતીમાં રૂપાંતરીત થાય તે પહેલા પ્લોટ પાડીને ગ્રાહકો પાસેથી ટોકનમાં રૂપીયા ઉઘરાવી લેવાના ચોંકાવનાર કિસ્સામાં મહિલા અરજદાર દ્વારા રાજ્યના મહેસુલ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીને લેખિતમાં રજુઆત કરી કાયદેસર કાર્યવાહીની માંગ કરી છે.

# શહેરા જાલમ બારીયાના મુવાડાની પરણિતા ગુમ થતાં ફરિયાદ

શહેરા,

શહેરા તાલુકાના જાલમ બારીયાના મુવાડા ગામની પરણિતા ગુમ થતા ભારે ચકચાર મચી જવા પામી હતી. પરિવારજનો દ્વારા પરિણીતાની શોધખોળ કરવા છતાં અહીં મળી આવતા પોલીસ મથકે જાણવા જોગ ફરિયાદ નોંધાઈ છે.

પ્રાપ્ત વિગતો અનુસાર પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના જાલમ બારીયાના મુવાડા ગામના પગી ફળિયામાં રહેતી ૩૨ વર્ષીય સુનિતાબેન ભરતકુમાર બારીયા કોઈને કહ્યા વગર ઘરેથી ક્યાંક ચાલી ગઈ હતી. પરિવારજનો દ્વારા ગુમ થયેલ પરિણીતા સુનીતાની શોધખોળ કરવા છતાં તેનો કોઈ અતોપતો નહીં મળી આવ્યો હતો. જેથી પરિવારજનો પોલીસ મથક ખાતે દોડી આવીને ગુમ થયા હોવા બાબતની સુનિતાના કાકા દિલીપભાઈ રયજીભાઈ પગીએ શહેરા પોલીસ મથકે જાણવા જોગ ફરીયાદ નોંધાવી હતી. પોલીસ તંત્ર દ્વારા આ બાબતને ગંભીરતાથી લઈને ગુમ થયેલ સુનીતાને વહેલી તકે શોધી કાઢીને પરિવારજનો સાથે મેળાપ કરાવે તેવી આશા હાલ આ પરિવારજનો રાખી રહ્યા છે.

# ગોધરા તાલુકાના સામલીની યુવતિની પરિવારજનોને જીલ્લા કોંગ્રેસના આગેવાનોએ શ્રધ્ધાંજલી આપી



ગોધરા,

પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના સામલી ગામની ૧૯ વર્ષીય યુવતી તૃષાકુંવરબાની ધનચાવીની સીમમાં વડોદરા મકરપુરા વોરા ગામડી રોડ ઉપર ખૂબ જ ઘાતકી રીતે હત્યા કરી દેવાના દુઃખ ચિંતા પ્રેરિત બનાવથી સમગ્ર રાજય અને પંચમહાલમાં ઘેરા શોકની લાગણી વ્યથિત થવા પામી છે. ત્યારે પંચમહાલ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ અજીતસિંહ ભાટી જિલ્લા યુવા કોંગ્રેસ પ્રમુખ મિકી જોસેફ પ્રદેશ કોંગ્રેસ મંત્રી રફિકભાઈ યુવા આગેવાન બેન્જામિન ભાઈ સહિત આગેવાનોએ આ ક્રૂરતા પૂર્વક થયેલી હત્યાના બનાવને વખોડી કાઢી ગુનેગારને સખત માં સખત સજા મળે અને સમાજમાં આવી ઘટનાઓ બનતા અટકે તે માટે જાગૃતતા કેળવવા સાથે સાવલી ખાતે સ્વ.તૃષા કુંવરબાના પિતા રાજેન્દ્રસિંહ અને પરિવારજનોને રૂબરૂ મળી સાંત્વના પાઠવેલ અને સ્વર્ગસ્થ પ્રત્યે શ્રદ્ધા સુમન વ્યકત કરી દુઃખમાં ભાગીદાર થયા હતા.

# શહેરા નજીક નાકોડી ચોકડી પાસે બે વાહનો વચ્ચે અકસ્માત બન્ને વાહનોને નુકશાન



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા

શહેરાના અણિયાદ નજીક આવેલ નાકોડી ચોકડી પાસે સ્વીફ્ટ કાર અને ટાટા એસી ટેમ્પો વચ્ચે અકસ્માત સર્જાતા બન્ને વાહનોને નુકશાન થવા પામ્યું હતું. સર્જાયેલ આ અકસ્માત ના પગલે સ્થળ ખાતે મોટી સંખ્યામાં લોકટોળા ઉમટી આવ્યા હતા. શહેરા તાલુકાના અણિયાદ ગામ નજીક આવેલ નાકોડી ચોકડી પાસે સ્વિફ્ટ કાર અને ટાટા એસી ટેમ્પો વચ્ચે અકસ્માત સર્જાયો હતો, નાકોડી ચોકડી પરથી પસાર થતી એક સ્વીફ્ટ કાર નંબર જીજે ૦૬ બીએલ ૭૪૮૩ અને ત્યાંથી જ પસાર થતો એક ટાટા એસી ટેમ્પો નંબર જીજે ૦૬ વીવી ૪૩૪૩ આ બંને વાહનો સામસામે અથડાતા બંને વાહનોને આગળના ભાગે નુકશાન પહોંચ્યું હતું. ડામર રોડની સાઈડમાં આવેલ દુકાન આગળ લગાવેલ પતરાના શેડ સાથે સ્વીફ્ટ કાર અથડાતા પતરાનો શેડ પણ તૂટી પડ્યો હતો. આ અકસ્માતમાં ચાલક સહિત વાહનોમાં બેઠેલ ઈસમોને નજીવી ઈજાઓ પહોંચી હતી. જોકે કોઈ જાનહાનિ થઈ ન હોવાનું જાણવા મળ્યું હતું. બનેલા બનાવના પગલે સ્થળ ખાતે મોટી સંખ્યામાં લોકટોળા ઉમટી પડ્યા હતા. ઉલ્લેખનીય છે કે, બનાવ સ્થળ ખાતે આ પહેલા પણ આવી જ રીતે અકસ્માતો બનવા પામ્યો હોય ત્યારે સંબંધિત તંત્ર દ્વારા અહી બમ્પ મુકવામાં આવે જેથી અહીં બનતા અકસ્માતોમાં ઘટાડો થાય તો નવાઈ નહી.



**તારીખ ૨૫/૦૩/૨૦૨૨ ના રોજ આર. એચ. પટેલ આઈ.ટી.આઈ, મોરા, તા. મોરવા હડફ, જિ. પંચમહાલ ખાતે ગોધરા નોડલના આચાર્ય ટી.એન.ભાવસાર સરના માર્ગદર્શન હેઠળ CEAT LTD, HALOL દ્વારા એપ્રેન્ટીસ માટે ભરતી મેળો યોજવામાં આવ્યો. જેના દ્વારા મોરા ગામના આસપાસના વિસ્તારમાં રહેતા કેટલાય તાલીમાર્થીઓને નોકરી મળી રહે તે ઉદ્દેશથી ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું.**

# કવિ સંમેલનમાં આવેલા કવિઓનું ભવ્ય સામૈયું કરી ગામમાં શોભાયાત્રા કાઢી સન્માન કરવામાં આવ્યું



ગોધરા,

રાયસિંગપુરા પ્રાથમિક શાળા ખાતે જિલ્લાના કવિમિત્રોની સાથે કવિ સંમેલનનું આયોજન થયું હતું. એક અદભુત અને અવિસ્મરણીય અનુભવ. ગામને પાદર આવીને તમામ ગામલોકોએ કવિઓને સાફા પહેરાવ્યા, વાજતે-ગાજતે ઢોલ નગારા અને સ્વાગતગીતોના ગાન સહિત ભવ્ય શોભાયાત્રા કરી, ગામના ચોકમાં આવ્યા બાદ કંકુ ચોખા કર્યા, શિરે પુષ્પોનો અભિષેક કર્યો હતો અને સભાસ્થળે લાવીને સાદર આસનસ્થ કર્યા. આ શોભાયાત્રા ગામના મુખ્ય માર્ગો પર ફરી ત્યારે પાટણના સિદ્ધરાજ જયસિંહનાં એ સમયની યાદ આવી ગઈ હતી. આ કાર્યક્રમમાં કવિ ડો કુમાર જૈમિનિ શાસ્ત્રી, નરેન્દ્રભાઈ જોશી, મોહસીન મીર, મહેશ પટેલ, મહેન્દ્ર પરમાર 'ફોરમ', જીબીશા પરમાર ,દિલીપસિંહ પુવાર', જયદીપસિંહ ઠાકોર, ગુરૂપ્રસાદ મહેરા, વનરાજ સોલંકી સહિત ૧૦ કવિઓએ પોતાના ચુનંદા કાવ્યોના કાવ્યપાઠ કરીને રાત્રે પોણા અગિયાર વાગ્યા સુધી સૌ આબાલવૃદ્ધ ગ્રામજનોએ સભામાં બેસી રહી સતત કવિઓને ધ્યાનથી સાંભળ્યા, અને ખોબલે ખોબલે દાદ આપી હતી.

આ પૂર્વે આવું અભિવાદન થયું હોય એવા ગુજરાતમાં માત્ર ૨ કિસ્સા છે. ૧. કવિ હેમચંદ્રાચાર્યજીના વ્યાકરણ ગ્રંથ સિદ્ધહૈમ અને ૨ કવિ રમેશ પારેખના 'છ અક્ષરનું નામ' સમગ્ર કવિતા સંચયની શોભાયાત્રા અનુક્રમે પાટણ અને અમરેલીમાં યોજાઈ હતી. આ ત્રીજો રેકોર્ડ બ્રેક ગુજરાતના પંચમહાલ જિલ્લાના રાયસિંગપુરા ગામનો સાજન-માજન સમો જોવા મળ્યો છે. છતાં કવિઓની આ રીતે શોભાયાત્રા થઈ તે રેકોર્ડ બ્રેક મુજબ પ્રથમ ગણી શકાય. રાયસિંગપુરાની સાક્ષર, ભાષા-સાહિત્યપ્રેમી પ્રજાએ ગત રાત્રે ભવ્ય ઈતિહાસ સર્જ્યો છે એવું કહી શકાય. ઉપસ્થિત કવિઓએ આ ગામનાં કવિઓના સ્વાગત અને આતિથ્ય અંગેની ભવ્ય ભાવનાને સાદર વંદન કરી એ સ્નેહ, એ ઉમળકો, એ ઉત્સાહ એ અમૂલ્ય કદરદાની અજોડ રહેશે તે તેમ જણાવ્યું હતું. ગામની પ્રા. શાળાનાં શિક્ષકો. સરપંચ કમલેશ પરમાર, ડેપ્યુટી સરપંચ સુરપાલસિંહ રાઠોડ સહિત ગ્રામજનો સહયોગ આતિથ્ય પ્રશંશનીય હતું. આ શાળામાં કોલેજનો ૭ દિવસનો ગજ્જનો વાર્ષિક શિબિર ચાલી રહ્યો છે ત્યારે પ્રોગ્રામ ઓફિસર ડો મહેશ રાઠવા અને ડો મહેશ પટેલ શિબિર અને કાર્યક્રમોના સફળ આયોજનમાં રાતદિવસ જહેમત ઉઠાવી રહ્યા છે. ગ્રામ વિસ્તારમાં ઉત્તમ ભાવકો મળે અને તેમની સમક્ષ કવિસભા થાય એ દુર્લભ લાભ કાર્યક્રમ રાતનું અમૂલ્ય સંભારકું બની રહ્યું હતું. આ શોભાયાત્રા ગામના માર્ગો પર ફરી ત્યારે ગુજરાતી સાહિત્યના પોખણાનાં દુર્લભ સુંદર દ્રશ્યો સર્જાયા હતા. આ કાર્યક્રમમાં ગામનાં તમામ લોકો ઉત્સાહ ભેર જોડાયા હતા. સાહિત્ય જગતની આ વિરલ ઘટના સાહિત્યના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાશે ત્યારે આ ઘટના શિરમોર હશે તેવું લોકોના સાહિત્ય તરફના લગાવને જોતાં જોવા મળતું હતું.

# કાલોલના ગોકળપુરા ગામે જુગાર રમતા ૪ જુગારીયાઓને ૧૧ હજારના મુદ્દામાલ સાથે ઝડપ્યા

કાલોલ,

કાલોલ તાલુકાના ગોકળપુરા ગામે સ્ટ્રીટ લાઈટના અજવાળામાં કેટલાક ઈસમો જુગાર રમતા હોય તે સ્થળે પોલીસે રેઈડ કરી ચાર ઈસમોને ૧૧,૩૦૦/-રૂપીયાના મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે કાલોલ તાલુકાના ગોકળપુરા ગામે સ્ટ્રીટ લાઈટના અજવાળે કેટલાક ઈસમો જુગાર રમી રહયા હોય તે સ્થળે પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન ચંન્દ્રસિંહ મગનભાઈ રાઠોડ, પૂનમ ચીમનભાઈ રાઠોડ, દિલીપ મગનભાઈ ચાવડા, ચંદ્રકાત ઉર્ફે ચિરાગ રમણભાઈ મકવાણાને ઝડપી પાડવામાં આવ્યા હતા. પકડાયેલ ઈસમો પાસેથી અંગઝડતી અને દાવ ઉપર મુકેલ રૂપીયા મળી ૧૧,૩૦૦/-રૂપીયાનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો.



**ગોધરા શહેરના સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ ખાતે હાલમાં યોજાઈ રહેલા ખેલ મહાકુંભ ૨૦૨૨ની સ્પર્ધામાં ગોધરા શહેરની અમન ડે સ્કુલનાં વિદ્યાર્થી ત્રિવેદી જૈનિલ હિરેનભાઈ અંડર ૧૪ની બેડમિન્ટનની સ્પર્ધામાં જિલ્લા કક્ષાએ દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું.જેનું શાળાના એડમીન સજન પ્રદેશ દ્વારા મોમેન્ટો આપીને આજરોજ સન્માન કરવામાં આવ્યું અને રાજ્ય કક્ષાએ પણ જીતીને આવે તેવા શુભઆશીષ પાઠવામાં આવ્યા હતા.**